શ્રી સિદ્ધાચળ-રૈવતગિરિ મહાત્મ્યોપરિ

# શ્રી ભીમસેન નૃપ તથા કંડૂરાજાની કથા.

મૂળ સંસ્કૃત ઉપરથી ગુજરાતી ભાષાંતર
કરાવીને તેમજ શત્રુંજય મહાતીર્થાદિ
યાત્રાવિચારમાંથી ઉદ્ધરીને

ગુણવંતા સાધ્વીજી કંચનશ્રીજીના સ્મરણાર્થે
શા. આણંદજી પુરૂષોત્તમના સ્વર્ગવાસી પુત્રી
બ્હેન રામબાની આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર
**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**
**ભાવનગર.**

વીર સંવત ૨૪૫૯ વિ. સંવત ૧૯૮૯

તીર્થભક્તિમાં ઉદ્યુક્ત શ્રાવકશ્રાવિકાઓને
**ભેટ.**

ભાવનગર—શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# નિવેદન.

**આ બુકમાં એ કથા ઉપરાંત શત્રુંજય મહાતીર્થને લગતી કેટલીક જરૂરની બાબત પાછળના ભાગમાં આપેલી છે:**

આવી નાની બુકમાં નિવેદનની ખાસ આવશ્યકતા હોય નહ઼ પરંતુ આ બુક પ્રગટ કરવાના સંયોગને અંગે લખવાની જરૂર જણાણ છે. શાંતમૂર્તિ પરમપૂજ્ય શ્રીમાન વૃદ્ધિચંદ્રજી મહારાજના પરિવારન ગુરૂણીજી **લાભશ્રીજી** જેઓ સ્થવિરાવસ્થામાં વર્તે છે તેમની શિષ્ય તરીકે સાધ્વીજી **કંચન શ્રી** ૩૧ વર્ષ સુધી શુદ્ધ ચારિત્રનો ખપ કર ગતવર્ષના વૈશાખવદિ ૬ ઠે-શ્રી શત્રુંજય મહાતીર્થની વર્ષગાંઠ દિવસે તે તીર્થની યાત્રા કરીને ઉતરતાં છેલા વિસામા પાસે જ એર ગયા ને લગભગ પ્રાણવિયુક્ત થયા. તેમના સંસારી મોટી બ્હે **રામબા** પણ તેમના વિયોગના આઘાતાદિ કારણથી એ વર્ષન પર્યુષણ પર્વનું સારી રીતે આરાધન કરી ભાદ્રપદ શુદિ નવમીએ માત્ર ત્રણ દિવસના વ્યાધિમાં દેહમુક્ત થયા. એ બંને બ્હેનોન સ્મરણાર્થે શત્રુંજયમહિમા ગર્ભિત કોઇ બુક બહાર પાડવાની ગુરૂણીજ **લાભશ્રીજીની** પ્રેરણાથી સદ્‌ગતા બ્હેન રામબાના દ્રવ્યથી આ બુક તૈયા કરાવી છપાવીને બહાર પાડી છે. આ બુક શ્રી જૈન ધર્મ પ્રકાશના તમા ગ્રાહકોને ભેટ આપવા ઉપરાંત બીજી નકલો પણ ભેટ આપવાનો નિરધાર કર્યો છે. પોતાના સંબંધીઓના સ્મરણાર્થે આવો પ્રક અનુકરણીય છે. એટલું જણાવી આ નિવેદન સમાપ્ત કરવામાં આવે છે

ફાલ્ગુન શુદિ ૫ } શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
સં. ૧૯૮૯ } ભાવનગર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ॥ श्री भीमसेननृपकथा ॥

Serving JinShasan
030864
gyanmandir@kobatirth.org

## ( भाषान्तर. )

સત્યસ્વરૂપ ચૈતન્યમય જે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સૌભાગ્યની શ્રેણીને વિસ્તારે છે, નિર્મળ જ્ઞાનને આપે છે, અકસ્માત્ આવી પડેલા વિઘ્નના સમૂહને દળી નાખે છે, આપદાને નિવારે છે તથા પ્રમાદથી ઉત્પન્ન થયેલા દુષ્ટ દોષોને દૂર કરે છે, તે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથસ્વામીને હું હમેશાં નમું છું.

નિરંતર દિવ્ય કાંતિવડે દેદીપ્યમાન, અનુપમ બળવાળા, સુર અને અસુરોએ નમસ્કાર કરાયેલા શ્રી સિદ્ધાર્થરાજાના પુત્ર શ્રી વર્ધમાન જિનેશ્વરને નમસ્કાર કરીને હું મુનિને ધર્મકાર્યમાં અંતરાય કરવા ઉપર **શ્રી ભીમસેન** રાજાનું આત્માની ઉન્નતિને કરનારૂં વિચિત્ર ચરિત્ર ભવ્ય પ્રાણીઓની તુષ્ટિ માટે સંક્ષેપથી કહીશ ( કહું છું ).

આ **જંબૂદ્વીપ** નામના દ્વીપમાં **ભરત** નામનું ઉત્તમ ક્ષેત્ર છે. તેમાં સર્વદા શુભકારક **શ્રાવસ્તિ** નામની નગરી છે. તેમાં મહા બળવાન **વજ્રસેન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા સજ્જનોનું પાલન કરનાર અને શત્રુઓના માનનું મર્દન ( નાશ ) કરનાર હતો. તેને શુભ ગુણોએ કરીને ઉત્તમ **સુભદ્રા** નામની રાણી હતી. તે પૃથ્વીરૂપી

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્ત્રીના આભૂષણરૂપ હતી અને તેનું મુખ કમળની જેવું વિકસ્વર હતું. તે દંપતીને વિષયસુખ ભોગવતાં **ભીમસેન** નામનો મોટો પુત્ર થયો, પરંતુ તે ગુણવડે નાનો હતો; કેમકે તે અન્યાયના એક ઘરરૂપ હતો, દુરાચારને સેવનાર હતો, પૂજ્ય જનોને પીડા ઉત્પન્ન કરવામાં નિપુણ હતો અને પ્રજાઓનું મર્દન કરવામાં તત્પર હતો. તેનો નાનો ભાઇ **જિનવલ્લભ** નામે હતો. તે સદ્ગુણોવડે યુક્ત, જગતના લોકના મનનું હરણ કરનાર અને રાજનીતિમાં વિચક્ષણ હતો.

હવે તે રાજા મોટા પુત્ર ભીમસેનને અધમ ગુણવાળો માનતો હતો, તો પણ તે દુષ્ટ બુદ્ધિવાળાને તેણે યુવરાજપદ આપ્યું. મદોન્મત્ત બુદ્ધિવાળો તે રાજ્યલક્ષ્મીને પામીને સર્વદા પરસ્ત્રી અને પરધનમાં આસક્ત થઈ સમગ્ર પ્રજાને પીડવા લાગ્યો. કહ્યું છે કે—

**" यौवनं धनसंपत्तिः, प्रभुत्वमविवेकिता ।**
**एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ? " ॥१॥**

" યૌવન, ધનની પ્રાપ્તિ, સ્વામીપણું અને અવિવેકીપણું આ ચારમાંથી એક એક પણ અનર્થ કરનાર છે તો પછી જે પુરૂષમાં તે ચારે હોય તેનું તો શું કહેવું ? તે તો ઘણો જ અનર્થ કરનાર થાય છે. "

હવે ભીમસેન કુમારે સર્વ પ્રજાઓને અત્યંત પીડા કરેલી હોવાથી તેઓએ અતિ દુઃખને લીધે એક વખત વજ્રસેન રાજાની સભામાં જઇને પોકાર કર્યો કે—" હે રાજન્ ! ભીમસેનકુમાર નિરંતર અમોને એટલી બધી પીડા કરે છે કે જે આપની પાસે નિવેદન કરવાને અમે શક્તિમાન નથી. હે બુદ્ધિમાન પૃથ્વીપતિ ! નિગ્રહ ( દંડ ) અને અનુગ્રહ ( કૃપા ) કરવામાં સમર્થ એવા આપ જ દુઃખસાગરમાં ડૂબતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમારો ઉદ્ધાર કરનાર છો, તેથી હે રાજેંદ્ર ! શ્રેષ્ઠ બુદ્ધિવાળા આપ યોગ્ય-અયોગ્યનો વિચાર કરી, અમારા દુઃખનો નાશ કરો; કેમકે આ વિશ્વને વિષે રાજા જ શરણભૂત છે.” આ પ્રમાણે પ્રજાનો મોટો આક્રંદ સાંભળી રાજાએ તેમને શાંતિના વચનોવડે શાંત કરી તે સર્વને રજા આપી. ત્યાર-પછી રાજાએ ભીમસેનકુમારને પોતાની પાસે બોલાવી નીતિના વચનોવડે તેને શિખામણ આપી કે—“હે વત્સ ! લોકોની આરાધના કરીને ( તેમને રાજી રાખીને ) જગતમાં દુર્લભ એવી મોટી કીર્તિને મેળવ, પરસ્ત્રી અને પરધનના હરણનો સર્વદા ત્યાગ કર, પૂજ્ય વડીલોનો અને જિનેશ્વરની ઉત્તમ ભક્તિ કર, મંત્રીઓએ કહેલા વચનો માન્ય કર, ન્યાયનો સ્વીકાર કર અને અનીતિનો ત્યાગ કર; કેમકે આ સર્વે રાજાના ધર્મ છે. વળી હે બુદ્ધિના નિધાન કુમાર ! આ પૃથ્વીપીઠ ઉપર સારા વચનરૂપી અમૃતરસને છાંટવાવડે મોટી પ્રતિષ્ઠા મેળવીને તારે સદા ધર્મમાર્ગમાં ચાલવું, સાતે વ્યસનોનો ત્યાગ કરવો અને નિર્મળ બુદ્ધિ ધારણ કરવી; કારણ કે આ રીતે કરવાથી પ્રાણીઓને અનુક્રમે ધન, કીર્તિ અને દિવ્ય વૈભવ પ્રગટ ( પ્રાપ્ત ) થાય છે.” આ પ્રમાણે રાજા તે કુમારને હમેશાં ઉપદેશ આપતો હતો, તો પણ જેમ સર્પ અમૃતપાન કર્યા છતાં પણ વિષનો ત્યાગ કરતો નથી તેમ તે કુમારે પોતાની દુષ્ટતા છોડી નહીં. રાજાએ તે ભીમકુમારને ઘણે પ્રકારે શિખામણ આપી તો પણ તે તેને વિનયવાન કરી શક્યો નહીં, તેથી છેવટ રાજાએ કોમળ શરીરવાળા પણ તેને બંદીખાનામાં નાખ્યો.

તે દુષ્ટ આશયવાળો ભીમ કેટલોક કાળ કેદખાનામાં રહીને બહાર નીકળ્યા પછી પોતાના મિત્રોની સહાયથી દુરાચારને સેવવા લાગ્યો. મનમાં અતિ ક્રોધ પામેલા અને ક્રૂર જનોમાં મુગટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમાન એવા તે ભીમે દુષ્ટ મિત્રોની સાથે મળીને પોતાના માતપિતાને મારી નાખ્યા. પછી પોતે રાજ્યને ગ્રહણ કરી, કુમિત્રોથી પરવરી, મદ્યાદિક વ્યસનોમાં આસક્ત થઇ પ્રજાજનોને અત્યંત પીડવા લાગ્યો. આ પ્રકારે વ્યસનોમાં આસક્ત થયેલા તે દુષ્ટ રાજાને જાણી સર્વે પૌરજનો અને પ્રધાનો અત્યંત દુ:ખી થયા, તેથી "માતપિતાનો ઘાત કરનાર આ દુષ્ટ રાજાવડે સર્યું. આ દુષ્ટ રાજાનો આશ્રય કરવા કરતાં તો રાજ્ય શૂન્ય રહે તે જ સારૂં છે." એમ વિચાર કરી પ્રધાન વિગેરે સર્વેએ તે અન્યાયી દુષ્ટ રાજાને તરતજ દેશમાંથી કાઢી મૂકયો.

ત્યારપછી તે પ્રધાનાદિકે શાસ્ત્રરૂપી એક નેત્રવાળા, નીતશાસ્ત્રમાં કુશળ અને વિનયવાળા **જિનવલ્લભનો** રાજ્યાસન ઉપર અભિષેક કર્યો. નવા ઉદય પામેલા તે નરેંદ્રને જાણીને સર્વ ઉપદ્રવોનો નાશ થવાથી સમગ્ર રાજમંડળનું મન પ્રસન્ન થયું.

હવે ભીમકુમાર દેશાંતરમાં ગયા છતાં પણ ચોરી વિગેરે કરવાવડે વારંવાર લોકોને ત્રાસ પમાડવા લાગ્યો. અસત્ય વચનને બોલનાર તે ભીમ અધર્મનાં કાર્યો કરવાથી લોકમાં તિરસ્કાર પામ્યો, કેમકે દુર્વ્યસન સુખ આપનાર કેમ થાય ? ભાતાના લોભથી તે મુસાફરોને માર મારતો હતો અને વેશ્યાઓનો અતિ પ્રસંગ કરવાથી દેહે તે દુ:ખી થયો હતો. આ પ્રમાણે ભયંકર કાર્ય કરનાર તે અન્યાયી ભીમને પકડીને લોકો મુષ્ટિ વિગેરેવડે અત્યંત મારતા હતા, તેથી દુ:ખી થયેલો તે દુર્મતિ ત્યાંથી નીકળી એક ગામથી બીજે ગામ ભમતો ભમતો મગધ દેશમાં **પૃથ્વીપુર** નામના નગરમાં ગયો.

ત્યાં એક માળીને ઘેર ચાકરપણે રહ્યો. ત્યાં પણ ફળ, પુષ્પ વિગેરે વિવિધ વસ્તુઓને ચોરવા લાગ્યો, તેથી આ ચોર છે એમ જાણીને તે માળીએ અનર્થ આપનારા તે ભીમસેનને પોતાના ઘરમાંથી તત્કાળ કાઢી મૂકયો. ત્યારપછી તે કોઇક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રેષ્ઠીની પાસે પ્રાર્થના કરી તેને ઘેર રહ્યો અને તેના દુકાને રહીને નિરંતર સર્વ કામ કરવા લાગ્યો. ત્યાં પણ તે અધમ પુરૂષે દુષ્ટ વ્યસનનો ત્યાગ કર્યો નહીં, તેથી શ્રેષ્ઠીની દુકાનમાંથી દ્રવ્ય ચોરીને પોતે ગુપ્તપણે એકઠું કરવા લાગ્યો. કોઈના જાણવામાં ન આવે તેમ તે ભિલ્લની જેમ ચોરી કરી પાપના સમૂહમાં પ્રીતિવાળો થયો. "મનુષ્યો પોતાનો સ્વભાવ તજી શકતા નથી." કેટલેક કાળે શ્રેષ્ઠીએ તેનો ચોરીનો વૃત્તાંત જાણ્યો, ત્યારે તેને પોતાની દુકાનમાંથી કાઢી મૂક્યો. "ધૂર્ત અને દુષ્ટ માણુસનો કોણુ વિશ્વાસ કરી શકે ?" પછી ગભરાયેલો તે ત્યાંથી નાશીને આજીવિકા માટે ભટકવા લાગ્યો. તેવામાં **મહેશ્વરદત્ત** નામના શ્રેષ્ઠીએ તેને ચાકર તરીકે રાખ્યો. એક દિવસ લોભથી ખેંચાયેલો હોવાથી ઉતાવળે દ્રવ્ય મેળવવાની ઈચ્છાવાળો તે ભીમસેન તે શ્રેષ્ઠીની સાથે વહાણમાં ચડીને સમુદ્રમાર્ગે ચાલ્યો. વેગથી ચાલતું તે વહાણ કેટલોક માર્ગ ઉલ્લંઘન કરી કોઇક ઠેકાણે રાત્રિને સમયે પ્રવાલના અંકુરાના અગ્રભાગ અથડાવાથી સ્ખલના પામ્યું (અટક્યું). તેને ચલાવવા માટે ખલાસીઓએ વારંવાર ઘણો યત્ન કર્યો તો પણ તે વહાણ પ્રવાલના વેલાઓથી વીંટાઇને તેમનું તેમજ રહ્યું (સ્થિર રહ્યું). આ રીતે તે જ ઠેકાણે કેટલોક કાળ ગયો ત્યારે તે શ્રેષ્ઠીનું જળ તથા અન્ન ખૂટી ગયું, તેથી પીડા પામેલો તે પ્રાણોનો ત્યાગ કરવા તૈયાર થયો.

તે વખતે પ્રથમ અરિહંતાદિક ચાર શરણને ઉચ્ચરી, અઢાર પાપસ્થાનોનો ત્યાગ કરી, અનુક્રમે સર્વ જીવોને ત્રિવિધે ત્રિવિધે ખમાવી, મિથ્યાદુષ્કૃત આપી, નવકાર મહામંત્રનું સ્મરણ કરતો તે શ્રેષ્ઠી જેટલામાં જળમાં ઝંપાપાત કરે છે તેટલામાં કેસુડાના પુષ્પ જેવી ચાંચવાળો, તમાલપત્રની જેવા વર્ણવાળો કોઇક પોપટ શીઘ્રપણે ત્યાં આવી મનુષ્યવાણીવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલ્યો કે-" હે જ્ઞાનવાન શ્રેષ્ઠી ! આવું બાળમરણ તમે ન કરો, અને સાવધાન થઇને સર્વને જીવવાનો ઉપાય હું કહું છું તે સાંભળો. હે ઉત્તમ પુરૂષ ! હું સ્નિગ્ધ કાંતિવાળો માત્ર પક્ષી જ છું એમ તમે જાણશો નહિં. હું આ પર્વતનો અધિષ્ઠાયક દેવ છું. મરવાને તૈયાર થયેલા તમને નિષેધ કરવા અને જીવવાનો ઉપાય કહેવા માટે જ હું અહી આવ્યો છું, તેથી મારૂં વચન સાંભળો. તમારા સર્વની મધ્યે જે કોઇ દયાળુ અને સાહસિક હોય, તે મરણની સન્મુખ થઇને-મરણને અંગીકાર કરીને આ સમુદ્રની મધ્યે રહેલા પર્વત ઉપર જઇ ત્યાં રહેલા ભારંડ પક્ષીઓને ઉડાડે તો તેની પાંખોના વાયુથી આ તમારૂં વહાણ ચાલશે. આ પ્રમાણે કરવાથી તમે બધા જીવશો તેમાં કાંઇ પણ સંશય નથી, કારણ કે ઉપાયથી જે કાર્ય સિધ્ધ થાય તે પરાક્રમથી સિદ્ધ થતું નથી." આ પ્રમાણે પોપટનું કહેલું હિતવચન સાંભળીને શ્રેષ્ઠીએ વહાણમાં રહેલા સર્વ જનોને તે પર્વત પર જવા માટે આદરપૂર્વક પૂછ્યું, પરંતુ મૃત્યુના ભયને લીધે કોઇએ તેનું વચન માન્યું નહીં. ત્યારે તે બુદ્ધિમાન શ્રેષ્ઠીએ જે જાય તેને પુષ્કળ ધન આપવાનું કબૂલ કર્યું. તે સાંભળી ધનના લોભથી ખેંચાયેલા ભીમસેને હિંમત ધારણ કરીને તેનું વચન અંગીકાર કર્યું અને તે સમુદ્ર મધ્યે રહેલા પર્વતપર ગયો. ત્યાં તેણે મોટેથી હક્કારાવ કર્યો તેથી ભારંડ પક્ષીઓ ઉડયા. તેમની પાંખોના વાયુથી તત્કાળ વહાણ તે અંકુરામાંથી બહાર નીકળી ચાલતું થયું.

પર્વતપર રહેલો ભીમસેન મનમાં આકુળવ્યાકુળ થયો અને માર્ગમાં ભૂલા પડેલા માણસની જેમ તે જીવવાનો ઉપાય ચિંતવતો આમતેમ ભમવા લાગ્યો; પરંતુ કાંઇ પણ ઉપાય નહીં પામવાથી તે મનમાં ખિલખો થયો અને દુઃખી થયેલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે તે જ પોપટને શોધવા માટે આમતેમ દોડવા લાગ્યો. તેવામાં દૈવયોગે તે જ પોપટ ભીમના દૃષ્ટિમાર્ગમાં આવ્યો અને તેણે પણ તત્કાળ તેને હિતકારક વચન કહ્યું કે-" હે ભીમસેન ! જો તું તારી ક્ષેમકુશળતાને ઇચ્છતો હો તો સમુદ્રમાં પડ, એટલે તને તત્કાળ મોટો મત્સ્ય ગળી જશે. પછી તે મત્સ્ય શીઘ્રપણે સમુદ્રને કાંઠે જશે, માટે જો તારી મતિ સાવધાન હોય તો આ હું આપું છું તે મોટી ઔષધીને તું ગ્રહણ કર. આ ઔષધી તેના પેટમાં નાંખવાથી તે મત્સ્ય પોતાનું મુખ પહોળું કરશે, એટલે તારે તેના કંઠમાર્ગે નીકળીને સમુદ્રને કિનારે જવું. આ મારૂં વચન કરવાથી જ તારૂં જીવન રહેશે; અન્યથા ત્રણ જગતને વિષે તારે જીવવાનો ઉપાય દુર્લભ છે. " આ પ્રમાણે પોપટનું કહેલું વચન સત્ય માનીને સાહસિક એવો તે ભીમ તે પ્રમાણે ઉપાય કરીને સિંહલદ્વીપ પહોંચ્યો.

ત્યાં સ્વસ્થ થઇને ભમતા અને ચોતરફ જોતાં તેણે એક સરોવર જોયું, અને વિશ્રાંતિ લેવા માટે તે ત્યાં ગયો. તેના નિર્મળ જળનું પાન કરી એક ક્ષણવાર તેની પાળપર રહેલા વૃક્ષની શીતળ છાયામાં વિસામો લઇને પછી તે એક દિશા તરફ ચાલ્યો. તે કેટલોક માર્ગ ઓળંગીને આગળ ગયો તેવામાં તેને માર્ગમાં કોઇ એક જટાવાળો ત્રિદંડી નેત્રનો અતિથિ થયો [ તેના જોવામાં આવ્યો ]. તેણે તેને ધૈર્યયુક્ત વાણીવડે પ્રણામ કર્યા, ત્યારે તે ત્રિદંડીએ હર્ષથી આશીવાદ આપી વિનયવાળા એવા તેને આવવાનું કારણ પૂછયું કે-" હે ભદ્ર ! તું કોણ છે ? આ ગહન વનમાં કેમ ભમે છે? તું કાંઇક દુઃખી જણાય છે તો તારૂં દુઃખ મને કહે. " આ પ્રમાણે તે તાપસની વાણી સાંભળીને હર્ષિત થયેલો ભીમસેન બોલ્યો કે-" હે શ્રેષ્ઠ તાપસ ! મારૂં ભાગ્ય સર્વથા પ્રકારે મંદ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે તપસ્વિમાં શિરોમણિ ! આ જગતમાં જે મનુષ્યો અત્યંત દુઃખથી પીડા પામે છે અને સૌભાગ્ય તથા ભાગ્યથી રહિત છે, તે બધાઓમાં હું પહેલો છું એમ તમે મને જાણજો. જે જે કાર્યને માટે હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં તે તે કાર્ય સિદ્ધ થતુ નથી. હું તૃષાથી પીડા પામ્યો હોઉં તો સમુદ્ર પણ મને પાણી આપતો નથી. જ્યારે અતિ નિર્ભાગી હું જાઉં છું ત્યારે વૃક્ષનાં ફળો, નદીઓનાં પાણી અને રોહણાચળ પર્વતનાં રત્નો અદ્રશ્ય થઇ જાય છે. મારે ભાઈ નથી, પિતા નથી, સ્ત્રી નથી અને કાંઇ પણ પરિવાર નથી, તો પણ હું મારૂં એક ઉદર ભરવાને પણ શકિતમાન નથી. શું કહું ? ” આ પ્રમાણે તેનું દીન વચન સાંભળીને તે માયાવી અધમ તાપસ પ્રેમથી અમૃતની જેવું વચન બોલ્યો કે-“ હે ભદ્ર ! તું ખેદ ન કર. તારા પરાજયને તું ભૂલી જા. મને જોવાથી તારૂં સર્વ દુઃખ નાશ જ પામ્યું છે એમ તું જાણ. હું નિરંતર બીજાના ઉપકારના માટે જ ફરૂં છું. આ જગતમાં મારે કાંઇ પણ સ્વાર્થ નથી. શામાટે તું ગભરાય છે ? કારણ કે આ વિશ્વમાં મેઘ વૃષ્ટિ કરે છે, સૂર્ય હમેશાં આકાશને પ્રદ્યોત કરે છે, ચંદ્ર શીતળતાને આપે છે, વૃક્ષો ફળો આપે છે, ચંદન વૃક્ષો ઉગે છે, સર્વ નદીઓ પાણીને વહે છે અને વાયુ વાય છે, એ જેમ પરોપકાર માટે જ કરે છે તે જ પ્રમાણે તુષ્ટિ કરનારા સત્પુરૂષો પણ બીજાના ઉપકારને માટે જ ફરે છે. આ સર્વ સત્પુરૂષનું જ લક્ષણ છે. તું મારી સાથે ચાલ. સિંહલદ્વીપની ખાણમાં ઉત્પન્ન થયેલાં ઘણાં રત્નો હું તને આપીશ.”

આ પ્રમાણે ત્રિદંડીનું વચન સાંભળીને તે તેની સાથે ચાલ્યો, કેમકે ઋષિ-મુનિનો વેષ પ્રાણીઓને તત્કાળ વિશ્વાસ ઉત્પન્ન કરે છે. સો મુદ્રાના ખર્ચવડે ઉત્તમ ભાતું લઈને તે બન્ને હર્ષથી કેટલેક દિવસે રત્નની ખાણે પહોંચ્યા. ત્યાં કૃષ્ણપક્ષની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચતુર્દશીને દિવસે કપટના ઘરરૂપ તે તાપસે તે ખાણુમાં ભીમને ઉતારીને પોતે રત્નો ગ્રહણ કર્યાં. પછી તે દુષ્ટે કપટથી તેનું દોરડું કાપી ભીમસેનને તે ખાણુના અધિષ્ટાયક દેવના બલિને માટે નાખી દીધો. આ પ્રમાણે દેવતાના બળિદાન માટે ભીમને ત્યાં મૂકીને તે તાપસ મનમાં ખુશી થતો બીજે રસ્તે ચાલ્યો ગયો. અહીં ખાણુમાં રહેલો ભીમ મનમાં ખેદ પામીને આમતેમ ફરવા લાગ્યો. તેવામાં તેણે અત્યંત પીડા પામતા એક કૃશ થયેલા પુરૂષને જોયો. તે પણ ભીમસેનને જોઈ દયા ઉત્પન્ન થવાથી બોલ્યો કે–"હે વત્સ! આ મૃત્યુના મુખમાં તું કેમ આવ્યો છે? હે પ્રિય! મારી જ જેમ તે જ દુષ્ટ તાપસે રત્ન આપવાનો લોભ બતાવીને શું તને છેતર્યો છે?" ત્યારે ભીમસેને હા–કહીને તે પુરૂષને પૂછ્યું કે "અહીંથી બહાર નીકળવાનો જો કાંઈ પણ ઉપાય હોય તો મને કહો." ત્યારે તે પુરૂષ બોલ્યો કે–"હે વત્સ! મારૂં વચન સાંભળ. આવતી કાલે સ્વર્ગમાંથી કેટલીક દેવીઓ અહીં પોતે અધિષ્ઠિત કરેલા રત્નોનો ઉત્સવ કરવા માટે આવશે. મનોહર દિવ્ય વેષથી ભૂષિત થયેલી તેઓ હર્ષપૂર્વક આ ખાણુના અધિષ્ઠાયક રત્નચંદ્ર નામના દેવની ગીત, નૃત્ય વિગેરે વિવિધ પ્રકારના ઉપચારથી પૂજા કરશે. તે વખતે સેવકો સહિત તે રત્નચંદ્ર દેવનું મન સંગીતમાં લીન થશે. તે અવસરે લાગ જોઈને તારે જલદીથી બહાર નીકળી જવું. તે સમયે દિવ્ય શક્તિને ધારણ કરનારા બીજા દેવો પણ ક્ષોભ રહિતપણે જતા તને કાંઈ પણ કરી શકશે નહીં. આ પ્રમાણે તારો જીવવાનો ઉપાય છે; બીજો કોઈ નથી."

આ પ્રમાણે ભીમને આશ્વાસન આપી તેણે તે દિવસ વાતાલાપવડે નિર્ગમન કર્યો. બીજે દિવસે પ્રાતઃકાળે વિમાનોમાં રહેલી કેટલીક દેવીઓ મહોત્સવપૂર્વક ત્યાં આવી. જ્યારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના સેવકો સહિત તેનો અધિષ્ઠાયક દેવ સંગીતમાં મગ્ન થયો ત્યારે ભીમ ત્યાંથી બહાર નીકળીને નાશી ગયો. ત્યાંથી ધીમે ધીમે માર્ગમાં જતો તે ભીમ કેટલેક દિવસે સિંહલ-દ્વીપમાં જ રહેલા **ક્ષિતિમંડન** નામના પુરમાં આવ્યો. તે પુરમાં સર્વ શ્રેષ્ઠીઓમાં મુખ્ય **લક્ષ્મીપતિ** નામનો શ્રેષ્ઠી હતો. તેને ઘેર તે ભીમ વિવિધ પ્રકારના કરીયાણાની વખાર ઉપર કામ કરવા રહ્યો. ભયંકર આકૃતિવાળા અને બીજાને ઠગવામાં પ્રવીણ એવા તે ભીમસેને તે જ વેપારીની દુકાનમાંથી ઘણી વસ્તુઓ ચોરી કેમકે " જેવો જેનો સ્વભાવ હોય છે તેવું જ તેનું વર્તન હોય છે. સેંકડો ઉપાય કર્યા છતાં પણ કુતરાનું પૂછડું વાંકું જ રહે છે." હવે એકદા નગરમાં ચોતરફ તપાસ કરવા માટે ફરતા કોટવાળોએ 'આ ચોર છે' એમ જાણી તેને ભિલ્લની જેમ બાંધ્યો. પછી રાજાના હુકમથી રાજદૂતો કૌતુક સહિત તે અપરાધીને આખા નગરમાં ફેરવીને વધ કરવાને સ્થાને લઈ ગયા. તેવામાં પેલા ઇશ્વરદત્ત શ્રેષ્ઠીએ તેને જોઇ પોતાનો ઉપકારી છે એમ ઓળખી તત્કાળ રાજા પાસે પ્રાર્થના કરી તે ભીમસેનને છોડાવ્યો. ત્યાંથી ભય પામેલો તે ભીમ સાહસકર્મમાં નિપુણ હોવાથી વહાણ ઉપર ચડી કેટલેક દિવસે પૃથ્વીપુર નામના નગરમાં ગયો. વહાણમાંથી ઉતરીને તે ભીમે ત્યાં રહેલા એક પરદેશી પુરૂષને પોતાનો વૃત્તાંત જણાવ્યો. તેનો વૃત્તાંત સાંભળીને તે પથિકે તેને કહ્યું કે–" તું શોક ન કર, તું મારી સાથે સુખેથી ચાલ." પછી તે બન્ને ત્યાંથી શીઘ્રપણે રોહણાચળ પર્વત તરફ ચાલ્યા.

માર્ગમાં તાપસોનો એક મનોહર આશ્રમ આવ્યો. તેમાં અલ્પ આહાર કરનાર એક **જટિલ** નામનો વૃદ્ધ તાપસ હતો. તેને હર્ષથી પ્રણામ કરી તે બન્ને ત્યાં રહ્યા. તેવામાં તેના **જાંગલ** નામના એક શિષ્યે આકાશમાંથી ઉતરી વિનયવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નમ્ર થઇ ગુરૂના ચરણકમળમાં પ્રણામ કર્યાં. કપટના એક નિધાનરૂપ તે જટિલે શિષ્યને પૂછ્યું કે-" હે વત્સ ! તું હમણાં કયાંથી આવે છે ? તે કહે. " જાંગલ બોલ્યો કે-" હે સ્વામી ! હું સૌરાષ્ટ્ર દેશમાં ગયો હતો. ત્યાં શત્રુંજય તીર્થ અને ઉજ્જયંત ( ગિરનાર ) ગિરિ ઉપર શ્રી જિનેશ્વરની દિવ્ય કાંતિવાળી પ્રતિમાઓને ચદનાદિકવડે પૂજીને હું અહીં આપના દર્શન કરવા આવ્યો છું. મારી જેવો કોઈ સામાન્ય પુરૂષ એ બન્ને તીર્થનો પ્રભાવ કહેવા સમર્થ નથી. આપની પાસે હું શું કહું ? તે બન્ને તીર્થનો પરિપૂર્ણ મહિમા જાણવાને કોઈ પણ મનુષ્ય સમર્થ નથી. માત્ર ત્રણ લોકની સ્થિતિને જાણનાર એક કેવળી જ તે જાણી શકે છે. તે તીર્થની સેવા કરવાથી પ્રાણીઓને આ ભવ અને પરભવ સંબંધી સુખ પ્રાપ્ત થાય છે, તેમાં પ્રથમ હું ઉજ્જયંત ગિરિનો પ્રભાવ કાંઇક કહું છું કે જેના આરાધનમાત્રે કરીને જ પ્રાણી અશોકચંદ્રની જેમ નિર્મળ કીર્તિ, કાંતિ અને કળાને તથા પરભવે સ્વર્ગની સંપદાને પણ પામે છે. તે આ પ્રમાણે—

ચંપા નગરીને વિષે **અશોકચંદ્ર** નામે એક નિર્ધન ક્ષત્રિય હતો. તે પરોપકાર કરવામાં તત્પર અને ઘરનું કાર્ય કરવામાં વિરક્ત હતો. એકદા ખેદ પામેલો તે ચોતરફ ફરતો હતો, તેવામાં તેણે દયાળુ એવા જૈન મુનિઓને જોયા. તેમને વિનયથી નમસ્કાર કરી તેણે પૂછ્યું કે—" હે મુનીશ્વરો ! હું ઘણા દુર્ભાગ્યથી પીડા પામેલો છું, તેથી તેના નિવારણનો જો કાંઈ ઉપાય આપ જાણતા હો તો કૃપા કરીને મને જલદી કહો. " ત્યારે તે તપસ્વીઓ બોલ્યા કે-" હે વત્સ ! સાંભળ. આ પ્રમાદી જીવ કર્મના બળથી નિર્બળ થઇને આ સંસાર-સાગરમાં ભમે છે. તે કર્મને અન્યથા કરવા કોઈ પણ મનુ-ષ્ય સમર્થ નથી. તે કર્મ સંકલ્પવિકલ્પથી આત્માને અત્યંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પીડે છે. કર્મના વિપાકને ભોગવ્યા વિના કે શુદ્ધ ભાવથ રૈવતકગિરિને સેવ્યા વિના જીવ કર્મરૂપી પાશથી મૂકાતો નથી.' આ પ્રમાણે મુનિઓનું વચન સાંભળીને શુદ્ધ ભક્તિ સહિત મનની અભિલાષાએ કરીને તે અશોકચંદ્ર રૈવતકગિરિ ઉપર ગયો. ત્યાં મનની વૃત્તિને સ્થિર કરી તેણે તપ કરવા માંડ્યો કેટલેક દિવસે તે ગિરિની અધિષ્ઠાયિકા અંબિકા દેવી તુષ્ટ મનવાળી થઇને તેની પાસે આવી અને સ્પર્શમાત્ર કરવાથી જ લોઢું સુવર્ણ થઇ જાય એવો એક મણિ તેને આપ્યો. તે મણિ લઈને તે ઉત્સુકતાથી પોતાના નગરમાં આવ્યો. પછી દ્રવ્યની સહાયથી તે ઘણા માણસો રાખી, રાજ્ય મેળવી પુણ્યના યોગથી વિવિધ પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો; કેમકે ઉપાર્જન કરેલો પુણ્યનો સમૂહ શું શું સુખ ઉત્પન્ન ન કરે? હવે એકદા તે બુદ્ધિમાન અશોકચંદ્ર ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે–" હું આ રાજ્યલક્ષ્મીને પામીને પ્રમાદી થયો છું તેથી મને ધિક્કાર છે, કારણ કે જેના પ્રભાવથી મને રાજ્યાદિક સંપદા પ્રાપ્ત થઈ છે, તે દેવીનું મેં કોઈ વખત સ્મરણ પણ કર્યું નહીં અને પાપબુદ્ધિવાળા મેં તેને નમસ્કાર પણ કર્યો નથી." આ પ્રમાણે વિચારી શુદ્ધ આત્માવાળો તે રાજા સર્વ સામગ્રી એકઠી કરી ઘણા માણસો સહિત તીર્થયાત્રા કરવા ચાલ્યો. માર્ગમાં દાન દેતો તે રાજા સંઘ અને સ્વજન સહિત કેટલેક દિવસે શત્રુંજય ગિરિ ઉપર આવ્યો. ત્યાં શ્રી આદિનાથની યથાવિધિ પૂજા કરીને પછી તે લક્ષ્મીવડે સુશોભિત અને શુભકારક એવા રૈવતકગિરિ ઉપર આવ્યો. ત્યાં ગજેંદ્રપદ વિગેરે કુંડોના પવિત્ર જળમાં સ્નાન કરી તેણે વિધિપૂર્વક શ્રીનેમિનાથની પૂજા કરી. ત્યારપછી ભક્તિના ભારથી નમ્ર થયેલા તે રાજાએ જગતની માતારૂપ અંબિકા દેવીની વિવિધ પ્રકારનાં પુષ્પ અને ધૂપાદિકવડે પૂજા કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી બુદ્ધિમાન તે રાજા ચિત્તમાં વૈરાગ્ય પામી વિચારવા લાગ્યો કે-" મેં ત્રણ સો વર્ષ સુધી મનોહર રાજ્ય ભોગવ્યું છે, તે સર્વ શ્રીનેમિનાથ ભગવાનનો અને અંબિકા દેવીનો પ્રભાવ છે; કેમકે દેવની અનુકૂળતા વિના સુખ કયાંથી હોય ? માટે હવે મારો પુત્ર રાજ્યાસન ઉપર આરૂઢ થાઓ અને હું જૈનદીક્ષા ગ્રહણ કરી શ્રીનેમિનાથની ભકિત કરૂં. " આ પ્રમાણે વિચાર કરી પોતાના પુત્રને નગર તરફ મોકલી તત્કાળ રાજાએ તેને રાજ્યના સિંહાસનપર સ્થાપિત કર્યો. પછી પોતે સદ્‌ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી. છેવટે શુભ ધ્યાનના વશથી તે અશોકચંદ્ર રાજર્ષિ મોક્ષપદ પામ્યા. "

આ પ્રમાણે કહીને તે જાંગલ ફરીથી બોલ્યો કે-" હે પૂજ્ય ગુરૂ ! મેં આ તીર્થનું સર્વ માહાત્મ્ય સાક્ષાત્ જોયું છે. જગતમાં ઉજ્જયંતગિરિતુલ્ય બીજું કોઈ તીર્થ નથી, કેમકે તેનું સેવન કરવાથી મનુષ્ય આ ભવમાં ઉત્તમ સુખ ભોગવીને અંતે મોક્ષપદને પામે છે. કહ્યું છે કે-જે તીર્થનું સેવન કરવાથી પાપી મનુષ્યો પણ દુષ્કર્મરૂપી શત્રુના સમૂહનો ક્ષય કરી ક્ષણવારમાં અક્ષય એવા શ્રેષ્ઠ સ્થાનને (મોક્ષને) પામે છે. આકાશમાં વિચરતા કોઈ પ્રાણીની છાયા પણ ઉજ્જયંત ગિરિનો સ્પર્શ કરે તો તેઓ પણ દુર્ગતિને પામતા નથી તો પછી તેને સેવનારની તો શી વાત કરવી ? " આ પ્રમાણે જાંગલે કહેલો શ્રી રૈવતાચળનો ઉત્તમ પ્રભાવ સાંભળીને સર્વે તાપસો અતિ હર્ષ પામ્યા.

આ સર્વ વૃત્તાંત સાંભળીને " પ્રથમ તો રોહણાચળ પર્વત ઉપર જવું અને પછીથી યાત્રા થશે. " એમ નિશ્ચય કરીને ભીમસેન તે પરદેશીની સાથે રોહણાચળ પર્વત તરફ ચાલ્યો. માર્ગને ઉલ્લંઘન કરતા તે બન્ને રોહણાચળ પર્વતની નજીક પહોંચ્યા. ત્યાં તીર્થંકરની પૂજા કરી હર્ષથી રાત્રિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્ગમન કરી. પ્રાત:કાળે તે બન્નેએ રત્નની ખાણ પાસે જઈ મણિની ઇચ્છાથી ' હા દૈવ ! ' એમ બોલી ખાણમાં પ્રહાર કર્યો. તે વખતે ભીમને અમૂલ્ય ઉત્તમ બે રત્ન પ્રાપ્ત થયાં. તેમાંથી એક રત્ન રાજકુળમાં આપી તે ત્યાંથી નીકળી ગયો. તે વહાણમાં બેસીને સમુદ્રમાર્ગે જતો હતો તેવામાં પૂર્ણિમાની રાત્રિએ પૂર્ણચંદ્રને જોઈ તેની સાથે પોતાના રત્નની તુલના (સરખામણી) કરવા લાગ્યો. વહાણને છેડે બેસીને તે ચંદ્રની અને રત્નની બન્નેની કાંતિને વારંવાર જોવા લાગ્યો. તેવામાં તે રત્ન તેના હાથમાંથી સમુદ્રમાં પડી ગયું. તે વખતે " મહાકષ્ટથી પ્રાપ્ત કરેલું રત્ન મેં મૂર્ખે સમુદ્રમાં પાડી નાખ્યું " એમ વિચાર કરતો તે તત્કાળ મોટી મૂર્ચ્છાને પામ્યો. ત્યારપછી શુદ્ધિને પામીને તે અત્યંત પોકાર કરવા લાગ્યો કે–" અરે દુષ્ટ દૈવ ! મારા જીવિતનો નાશ થાય એવુ તેં આ શું કર્યું ? દૈવને ધિક્કાર હો ! મારા જીવનને ધિક્કાર હો ! અને મારા જન્મને ધિક્કાર હો ! આ જગતમાં કષ્ટ અને વ્યાધિમય જીવિત કરતાં મરવું વધારે સારૂં છે. " આ પ્રમાણે વિલાપ કરતો તે ભીમ ફરીથી મૂર્ચ્છા પામ્યો. તેનો કોલાહલ શબ્દ સાભળીને ખલાસીઓ વિગેરે સર્વે તેની પાસે એકઠા થયા. નાવિકોએ શીતાદિક ઉપચાર કરીને ક્ષણ વારમાં તે ભીમને સચેતન કર્યો, ત્યારે તે ઉંચે સ્વરે તેમને કહેવા લાગ્યો કે–" હે નાવિકો ! મારૂં રત્ન અહીં સમુદ્રમાં પડી ગયું છે, તેથી તમે વહાણને સ્તંભિત કરો અને અહીં મારા રત્નની શોધ કરો. " આવું તેનું વિચિત્ર વચન સાંભળી તે પરદેશીએ તેને કહ્યું–" હે મિત્ર ! આજે તને શું થયું છે ? અલ્પ એવું રત્ન ક્યાં અને આટલું બધું જળ ક્યાં ? વળી આ વહાણ ક્યાં ? તારૂં રત્ન જ્યાં પડ્યું હશે તે સ્થાન તો અહીંથી ઘણું દૂર રહ્યું, હમણાં તો ઘણો માર્ગ ઉલ્લંઘન થઈ

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

ગયો છે; તેથી હે બંધુ ! શોકનો ત્યાગ કર, ધીરજને ધારણ કર. હું વિદ્યમાન છતે તારે રત્નની વૃથા ચિંતા ન કરવી. જો કદાચ તારા મનમાં ધીરજ ન રહેતી હોય તો આ મારૂં શ્રેષ્ઠ રત્ન તું ગ્રહણ કર. હજુ સુધી પૃથ્વીપર પવિત્ર રૈવત પર્વત શોભી રહ્યો છે, તેથી તારે મારી પાસે જરા પણ ખેદ કરવો નહીં.” આ પ્રમાણે તેનું વચન સાંભળી શાંત થયેલા ભીમે અનુક્રમે સમુદ્રનું ઉલ્લંઘન કર્યું.

સમુદ્રને કાંઠે ઉતરીને ભીમ મનમાં આનંદ પામી શ્રેષ્ઠ ભાતું લઈને મિત્ર સહિત રૈવતગિરિ તરફ ચાલ્યો. દુર્ભાગ્યના યોગથી માર્ગમાં ચોરોએ તેને લૂંટ્યો, તેથી ભાતા અને વસ્ત્ર રહિત થયેલો તે અત્યંત ક્ષીણ શરીરવાળો થયો. આગળ ચાલતાં માર્ગમાં જાણે બીજા કલ્પવૃક્ષ હોય એવા એક મુનિને જોઇ ભીમ મનમાં આનંદ પામ્યો અને તેણે તેને વંદના કરી. પછી અતિ દુઃખી એવા તે બન્નેએ સ્વસ્થ થઈ તે મુનીશ્વરને પોતાનો સર્વ વૃત્તાંત પ્રથમથી કહી બતાવ્યો અને કહ્યું કે—“ હે મુનીંદ્ર ! દુઃખ અને દારિદ્રયથી પીડા પામેલા મનુષ્યોમાં અમે મુગટ સમાન છીએ એમ તમે જાણો. તેવા દુઃખથી અમે અહીં જ ઝંપાપાત કરવા આવ્યા છીએ. મરવાની ઇચ્છાવાળા અમે આ જ પર્વત ઉપરથી ઝંપાપાત કરીને મોટા દુઃખરૂપી સાગરના ઇચ્છિત પારને પામીશું. કહ્યું છે કે—“ જળ વિના મેઘ શોભતો નથી, ચૈતન્ય રહિત દેહ શોભતો નથી, સુગંધ વિનાનું પુષ્પ શોભતું નથી, કમળ વિનાનું સરોવર શોભતું નથી, કાંતિ રહિત ચંદ્ર શોભતો નથી, સંસ્કૃત (સંસ્કાર) વિનાની વાણી શોભતી નથી, દુષ્ટ પુત્રવાળું કુળ શોભતું નથી, ન્યાય વિના વિનય શોભતો નથી, સુંદર દેહ વિના શૃંગાર શોભતો નથી, ચંદ્ર વિનાની રાત્રિ શોભતી નથી, નાયક વિના સેના શોભતી નથી, સારી સ્ત્રી વિના ઘર શોભતું નથી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આચાર વિના કુલીનપણું શોભતું નથી, દયા વિના ધર્મ શો ભતો નથી, નેત્ર વિના મુખ શોભતું નથી, સત્ય વિના વક્તાપણું શોભતું નથી, પ્રતિમા વિના ચૈત્ય શોભતું નથી, તેમજ દ્રવ્ય વિના મનુષ્ય શોભતો નથી. ”

આ પ્રમાણે ખેદ પામેલા તેમની દીનતાવાળી વાણી સાંભળીને દયાયુક્ત મનવાળા તે મુનિએ પ્રીતિથી તે બન્નેને કહ્યું કે–“ પૂર્વ જન્મમાં તમોએ સમ્યક્ પ્રકારે ધર્મને આરાધ્યો નથી, તેથી તમોને કષ્ટ આપનારી નિર્ધનતા પ્રાપ્ત થઈ છે; તેથી આ અપરાધ રહિત એવા જીવિત ઉપર તમારે ખેદ કરવો યોગ્ય નથી. સમ્યક્ પ્રકારે ધર્મનું સેવન કરવાથી મનુષ્યને સંપદા સુલભ થાય છે. દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરવાથી જ **ધર્મ** કહેવાય છે. તે ધર્મ સર્વજ્ઞે કહેલો સંયમાદિક દશ પ્રકારનો છે, તે મુક્તિને માટે છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, ધર્મ સ્વર્ગ અને મોક્ષને આપનાર છે, ધર્મ સંસારરૂપી અરણ્યને ઉલ્લંઘન કરવામાં માર્ગદર્શક ( ભોમિયો ) છે, ધર્મ માતાની જેમ પોષણ કરે છે, ધર્મ પિતાની જેમ રક્ષણ કરે છે, ધર્મ મિત્રની જેમ પ્રેમ ઉપજાવે છે, ધર્મ બંધુની જેમ સ્નેહ કરે છે, ગુરૂની જેમ ધર્મ ઉજ્વલ ગુણોને પ્રાપ્ત કરાવે છે, સ્વામીની જેમ ધર્મ મોટી પ્રતિષ્ઠા આપે છે, ધર્મ સુખની મોટી હવેલી સમાન છે, ધર્મ શત્રુના સંકટ વખતે બખ્તર સમાન છે, ધર્મ જડતાને છેદનાર છે, ધર્મ પાપના મર્મસ્થાનને ભેદનાર છે. પ્રાણી ધર્મથી રાજા બને છે, ધર્મથી રામ ( બળદેવ ) અને વાસુદેવ થાય છે, ધર્મથી ચક્રવર્તી થાય છે, ધર્મથી દેવ થાય છે, ધર્મથી ઇંદ્ર થાય છે, ધર્મથી નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં અહમિંદ્રપણાને પામે છે અને ધર્મથી અરિહંત પદને પામે છે. ધર્મથી શું શું સિદ્ધ થતું નથી ? દુર્ગતિમાં પડતા જંતુને ધારણ કરનાર હોવાથી જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મ કહેવાય છે, તે ધર્મ દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો છે. ધર્મથી કલંકરહિત કુળમાં જન્મ થાય છે, ધર્મથી ઉત્તમ જાતિ પ્રાપ્ત થાય છે, ધર્મથી ઘણું બળ પ્રાપ્ત થાય છે, ધર્મથી અખંડિત આયુષ્ય પ્રાપ્ત થાય છે, ધર્મથી રોગરહિતપણું થાય છે, ધર્મથી ઉત્તમ ધન મળે છે, ધર્મથી શ્રેષ્ઠ ભોગો પ્રાપ્ત થાય છે અને ધર્મથી જ પ્રાણીઓને સ્વર્ગ અને મોક્ષ પણ મળે છે. હે ભવ્ય પ્રાણીઓ ! ઉતમ સૌભાગ્યને ઉત્પન્ન કરનાર, મનુષ્યોને સેવવા લાયક, પોતાના આત્માનું હિત કરનાર અને કલેશરૂપી ભયંકર જળજંતુવડે ભય ઉપજાવનારા સંસારસમુદ્રમાં પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર ધર્મને જ તમે સદા સેવો. શ્રી જિનેશ્વરે કહેલો ધર્મ શુદ્ધ બુદ્ધિથી સમ્યક્ પ્રકારે આરાધ્યો હોય તો તે પ્રાણીઓના દુઃખેથી વારી શકાય એવા કામદેવરૂપ હાથીનું દમન કરે છે, આપત્તિને નિર્મૂલ કરે છે, મોહરૂપી શત્રુને ભેદે છે, દુષ્ટ મદરૂપી લતાનો તત્કાળ નાશ કરે છે, કલેશરૂપી વૃક્ષને ઉખેડી નાખે છે અને કરૂણાને ઉત્પન્ન કરે છે. સમ્યક્ પ્રકારના શીલવાળો જે પ્રાણી નિરંતર ધર્મની આરાધના કરવામાં તત્પર થાય છે તેને ધન સમીપે આવે છે, દુષ્ટ શત્રુઓ સદા દૂર રહે છે, આપત્તિ તેની સામે જોતી નથી, સુખની શ્રેણિ તેને સર્વદા સેવે છે, સર્વ ગુણીજનો તેની સેવા કરે છે તથા પૃથ્વીપર કોઇ પણ મનુષ્ય તેનો દ્વેષ કરતું નથી. જે માણસ ધર્મનું આરાધન કરવાથી મોક્ષલક્ષ્મીવડે શોભતા વીતરાગ પ્રભુને ભજે છે, તે માણસને ક્રોધાયમાન થયેલા દુષ્ટ સર્પો પણ શું કરી શકે ? કાંઇ પણ કરી શકતા નથી. જો કદાચ દુઃખથી વારી શકાય એવા સિંહો પાસે આવ્યા હોય તો પણ તે વેરરહિત થઇ જાય છે. સર્વસ્વનું હરણ કરનાર અને દુઃખથી ભેદી શકાય એવા ક્રોધા-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિક આભ્યંતર શત્રુઓ તેની પાસે પણ આવી શકતા નથી અખંડ ( નિરંતર ) કલ્યાણને આપવામાં સમર્થ એવા દયામય ધર્મને જે પ્રાણી ભજે છે, તે સંસારના દુઃખનો નાશ કરનાર અને દીર્ઘ આયુષ્યવાળો થાય છે, તેને આપત્તિ દુર્લભ થાય છે, સંપત્તિ સુલભ થાય છે, સર્વ લોક તેની ઇચ્છાને અનુસરે છે, દુઃખથી દર્શન થઈ શકે એવા રાજાઓ તેના હિતકારક ( મિત્ર ) થાય છે અને શત્રુ પણ મિત્રરૂપ થાય છે. ચિંતામણિ રત્ન સમાન દયાને આશ્રિત થયેલો અનંત સુખને આપનાર ધર્મ જો આરાધ્યો હોય તો તે સદા દારિદ્રને દળી નાખે છે, અખંડ વૈભવને પ્રાપ્ત કરે છે વિઘ્નોનો નાશ કરે છે અને મનમાં ઇચ્છેલી સર્વ વસ્તુઓને ઉત્પન્ન કરે છે. ( મેળવી આપે છે ). આ પૃથ્વી ઉપર સંસારથી ઉદ્વેગ પામેલા પુરૂષોના કષ્ટનો નાશ કરનારા અને સુખને પ્રાપ્ત કરનારા ઉત્તમ શાસ્ત્ર, આગમ અને તત્ત્વબોધ વિગેરે હજારો ઉપાયો છે, પરંતુ અહો ભવ્યજનો ! ખરેખરો ઉપાય તો સર્વ અર્થને પ્રાપ્ત કરવામાં એક કુશળ એવો તીર્થંકરે કહેલો મનોહર શુભ ધર્મ જ છે. અગાધ જળવાળા સંસારરૂપી સમુદ્રના પારને પામવા માટે જે મનુષ્ય અનુક્રમે વિઘ્નનો નાશ કરનાર ધર્મના આરાધનને ઈચ્છે છે તે મનુષ્ય લોકમાં ઉત્પન્ન થતા ઘણા કષ્ટને આપનારા અનર્થને પામતો નથી, તથા છેવટે સત્પુરૂષોના માનને પામીને ઇચ્છિત એવી મોક્ષની સ્થિતિનો આશ્રય કરે છે. સર્વ લોકો ધર્મના આરાધનને ઈચ્છે છે, ધર્મને આશ્રિત થયેલો મનુષ્ય કલ્યાણવાળો થાય છે, ધર્મવડે વિઘ્નોનો સમૂહ નાશ પામે છે, ડાહ્યો માણસ ધર્મને માટે સદા યત્ન કરે છે, ધર્મથી ક્ષણવારમાં મોટી સંપદા પ્રાપ્ત થાય છે. ધર્મનો પ્રભાવ ઘણો મોટો છે અને ઉચિત એવો ધર્મ કરવાથી શું શું સિદ્ધ થતું નથી ? ઉચ્ચ કુળમાં જન્મ, નિર્મળ કીર્તિ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સૌભાગ્ય, નિરોગતા, લક્ષ્મી, અદ્ભુત સુખ, મનોહર સ્ત્રી, વિદ્યા, લાંબુ આયુષ્ય, લોકોમાં પૂજ્યતા, નિર્મળ યશ, હાથી ઘોડાનો સમૂહ તથા દેવેંદ્ર અને ચક્રવર્ત્તીનો વૈભવ–આ સર્વ મનુષ્યોને ધર્મથી જ નિરંતર પ્રાપ્ત થાય છે. આથી કરીને તમે બન્ને અજ્ઞાનમૃત્યુનો ત્યાગ કરી ધર્મના આરાધનમાટે સર્વ પ્રકારની સિદ્ધિને આપનાર અને તપસ્વીઓના સમૂહથી સેવાતા એવા ઉર્જ્જયંતગિરિ ઉપર જાઓ."

આ પ્રમાણે મુનિનું વચન સાંભળીને ભીમરાજાએ પૂછ્યું કે–"હે તપના નિધાન! આવુ દુઃખ મને શાથી (કયા કર્મથી) પ્રાપ્ત થયું છે?" ત્યારે ઇંદ્રિઓને જીતનાર મુનીન્દ્ર પોતાના જ્ઞાનથી જાણીને બોલ્યા કે–" પૂર્વ ભવે તેં મુનિની વિરાધના કરી છે તેથી તું દુઃખ પામ્યો છે. સુખનું કારણ ધર્મ અને દુઃખનું કારણ અધર્મ જ કહ્યું છે. તું તે વૃત્તાંતને સાંભળ.

આ ભરતક્ષેત્રમાં પ્રતિષ્ઠાનપુર નામનું મનોહર નગર છે. તેમાં પરાક્રમી **શક્તિસિંહ** નામનો રાજા હતો. મોટી રાજ્યલક્ષ્મીવડે અને રાણીઓના સમૂહવડે શોભતો તથા ન્યાયને વિષે નિપુણ બુદ્ધિવાળો તે રાજા રાજ્યનું પાલન કરતો હતો. એક દિવસ તે રાજા શિકાર કરવા વનમાં ગયો. ત્યાં તેણે એક મૃગલાને બાણવડે લક્ષ્ય કર્યો, તે વખતે તે મૃગલો ત્યાંથી નાશી ગયો. રાજા તેની પાછળ શીઘ્રપણે દોડ્યો, પરંતુ તે મૃગલો નિર્ભાગીના ધનની જેમ વૃક્ષની ઘટામાં ભરાઇને અદ્રશ્ય થઇ ગયો. ત્યાં એક વૃક્ષની નીચે કોઇ એક મુનિ કાર્યોત્સર્ગે રહ્યા હતા. તેને જોઇ રાજાએ પૂછ્યું કે–" મૃગલો ક્યાં ગયો? તે કહો." મુનિનું મન ધ્યાનમાં સ્થિર હતું તેથી તે મૌનપણે જ રહ્યા, તેથી ક્રોધ પામેલા રાજાએ તે મુનિને બાંધવા માટે પોતાના સેવકોને હુકમ કર્યો. ત્યારે તેઓએ તે મુનિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાંધી તેને ત્યાં જ મૂકી આગળ ચાલ્યા અને જેમની ઇંદ્રિયો આકુળવ્યાકુળ થઇ છે એવા તે સર્વે દરેક સ્થાને મૃગલાની શોધ માટે ભમવા લાગ્યા. પરંતુ તે મૃગલો તેમને પ્રાપ્ત થયો નહીં ત્યારે રાજા પાછો વળ્યો અને મનમાં સંકલ્પવિકલ્પ કરતાં તેને મુનિનું બંધન યાદ આવ્યું. તેણે અઢાર ઘડી સુધી મુનિને બંધન રાખ્યું. પછી શોકને ધારણ:કરતા તેણે મુનિને બંધનથી મુક્ત કર્યા. પછી વિનયથી યુક્ત એવો તે રાજા મુનિને ખમાવી પોતાના રાજ્યમાં આવી પ્રજાનું પાલન કરવા લાગ્યો. તે શક્તિસિંહ રાજા મરીને આ ભવમાં તું થયો છે. પ્રાણીઓ પૂર્વભવમાં કરેલાં કર્મોને આ ભવમાં ભોગવે છે. ધ્યાનમાં રહેલા મુનિને તેં અંતરાય કર્યો હતો, તે તારૂં કર્મ ખમાવવાથી પણ સર્વથા ક્ષીણ થયું નહોતું. તે કર્મવડે તને દઢ ભોગાંતરાયનો બંધ થયો હતો. આ પ્રમાણે જાણીને હે મહાબુદ્ધિમાન પથિક ! તું શોક ન કર. બુદ્ધિમાન પુરૂષોએ નિરંતર મુનિઓની સેવા કરવી. તેઓની કદાપિ વિરાધના ન કરવી, કેમકે તેમની વિરાધના કરવાથી મનુષ્ય અનેક દુઃખોને પામે છે અને તેમની સેવા કરવાથી સર્વદા મનવાંછિત ફળને પામે છે. હે ભદ્ર ! હવે તારો અશુભોદયનો કાળ પૂર્ણ થયો છે, તેમાં કાંઇ પણ સંશય નથી. હવે થોડા કાળમાં તારૂં કલ્યાણ થવાનું છે, માટે તું ખેદનો ત્યાગ કર. હે ભીમ ! પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યને લીધે તું આ આખી પૃથ્વીને જિનેશ્વરોના મંદિરોવડે સુશોભિત કરીશ. અધુના આ જગતમાં તારી જેવો પુણ્યશાળી પુરૂષ કોઇ પણ જણાતો નથી, તેથી હવે તારે જરા પણ દુષ્ટ વિચાર કરવો નહીં. ”

આ પ્રમાણે મુનિનાં વચન સાંભળીને મિત્રસહિત ભીમસેન મુનિને નમસ્કાર કરી શુભ ધ્યાન કરતો રૈવતગિરિ તરફ ચાલ્યો. અનુક્રમે તે ગિરિ ઉપર ચડીને તેણે અતિ ઉગ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપસ્યા કરી અને શ્રીનેમિનાથ પરમાત્માની પૂજા કરી. એકદા ત્યાં એક મોટો સંઘ યાત્રા કરવા માટે આવ્યો. તે સંઘનો અધિપતિ ભીમનો નાનો ભાઇ જિનવલ્લભ હતો. તે જિનાલયને વિષે યાત્રિક જનો અને પ્રધાનોની સાથે પ્રભુની આરતી ઉતારતો હતો. તે વખતે ત્યાં રહેલા ભીમસેને પોતાના લઘુબંધુને જોયો. આરતીની ક્રિયા સમાપ્ત થયા પછી તેણે પણ ભીમને જોયો અને ઓળખ્યો. તરતજ તેણે મંત્રીઓને કહ્યું કે-" અહીં જુઓ, આ પુરૂષ કોણ છે ?" તેને જોઇ મંત્રીઓ હર્ષથી બોલ્યા કે-" હે રાજન્ ! જેને માટે તમે આખું જગત શોધાવ્યું તે આ તમારા ભાઈ છે." પછી સર્વ લોકો ઉભા હતા તેમની સમક્ષ તે રાજા મનમાં હર્ષ પામી પોતાના જ્યેષ્ઠ બંધુને આલિંગન કરી વારંવાર પ્રણામ કરવા લાગ્યો. ભીમસેન પણ સ્નેહરૂપી લતાને વૃદ્ધિ પમાડવા માટે હર્ષથી વારંવાર તેના મસ્તકપર અશ્રુજળને સિંચતો ચુંબન કરવા લાગ્યો. પછી નાનો ભાઇ ભક્તિથી બોલ્યો કે-" હે જ્યેષ્ઠ બંધુ ! જગતમાં એવું કોઇ પણ સ્થળ નથી કે જ્યાં મેં સેવકોને મોકલીને તમારી શોધ ન કરાવી હોય. હે ભાઇ ! અત્યારસુધી થાપણની જેમ તમારા રાજ્યની મેં રક્ષા કરી છે, માટે હવે કૃપા કરીને શીઘ્રપણે તેનો સ્વીકાર કરો. હે પ્રિય બંધુ ! દીન એવા મને-લઘુબંધુને તજીને આટલો વખત તમે ક્યાં રહ્યા ? તમે સ્નેહરહિત કેમ થયા ?" આ પ્રમાણે તેના વિનયના વચનોવડે ભીમસેન અતિ હર્ષ પામ્યો અને તત્ત્વબુદ્ધિવાળા તેણે મંત્રીઓ સમક્ષ રાજ્યનો સ્વીકાર કર્યો.

ત્યારપછી ભીમસેને શુદ્ધ જળવડે સ્નાન કરી પ્રભુની સ્નાત્રપૂજા કરી, હર્ષથી આરતી ઉતારી. પછી ત્યાં અષ્ટાહ્નિકા ઉત્સવ કરી હમેશાં નાના ભાઈ સહિત ભીમસેને વિધિપૂર્વક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી નેમિનાથની પૂજા કરી. ત્યારપછી જિનેશ્વરને નમસ્કાર કરી પોતાના પરિવાર સહિત બુદ્ધિમાન ભીમસેન પોતાના દેશ તરફ ચાલ્યો. માર્ગમાં અનેક રાજાઓથી પૂજાતો ભીમસેન રાજા મહોત્સવપૂર્વક પોતાના નગરમાં આવ્યો. તે વખતે શુભ લક્ષણવાળા તે રાજાને જોઇને પૌર લોકોએ હર્ષ પામી મહોત્સવપૂર્વક તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરની સ્ત્રીઓએ વધાવવા માટે ઉછાળેલ લાજા ( ધાણી )ને ગ્રહણ કરતો તે રાજા લોકોને દૃષ્ટિવડે આનંદ પમાડતો પોતાના રાજમહેલમાં આવ્યો. ત્યાં ધન, વસ્ત્ર, અશ્વ, તાંબુલ, મિષ્ટ વચન અને પ્રસન્ન દૃષ્ટિવડે સર્વ જનોનો સત્કાર કરી રાજાએ પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો. ત્યારપછી પોતાના બંધુસહિત ભીમસેને કુળદેવતાને નમસ્કાર કરી તથા ભોજન કરી ક્ષણવાર વિશ્રાંતિ લીધી. ત્યારપછી પ્રતિહારીએ સભાનો સમય જણાવ્યો ત્યારે સભાસદોવડે શોભતા સભામંડપમાં ભીમરાજા આવ્યો. આ રીતે લોકોને પ્રસન્ન કરતો, આતૂરતા રહિતપણે ધર્મને કરતો અને લોભરહિતપણે ધનને ગ્રહણ કરતો તે રાજા શાંતિપૂર્વક પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. તે રાજા રાજ્ય કરતો હતો ત્યારે ચોરી એવો શબ્દ જ માત્ર સાંભળવામાં આવતો હતો, નગરના લોકો જરા પણ દુઃખી નહોતા અને કોઇ ધર્મભ્રષ્ટ પણ નહોતા. પોતે ક્રોધથી માતપિતાનો વધ કર્યો હતો તે વાત સ્મૃતિમાં આવવાથી અત્યંત શોક કરતા તે ભીમરાજાએ પૃથ્વીને જિનેશ્વરોના ચૈત્યોથી સુશોભિત કરી. સંસારસંબંધી વિકારોને ત્રાસ પમાડતો, દીનજનોની દીનતાને દળી નાખતો અને પૂજ્યની ભક્તિ કરતો તે રાજા રાજ્યનું પાલન કરવા લાગ્યો. સર્વ શત્રુઓનો પરાજય કરી અને લઘુબંધુને યુવરાજપદ પર સ્થાપન કરી પેલા પરદેશી મિત્રને તેણે કોશનો અધિપતિ બનાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકદા તે રાજા જિનેશ્વરની પૂજા કરવા માટે નગરની બહાર ઉદ્યાનમાં ગયો. ત્યાં એક વિદ્યાધરને જોઇને આદરથી તેણે તેને પૂછ્યું કે–" હે ભદ્ર ! તું કયાંથી આવ્યો છે ? " તે પણ પ્રસન્ન થઈ બોલ્યો કે–" હે રાજન્ ! સંસારમાં અભયને આપનારી મારી વાર્તા તમે સાંભળો. શત્રુંજય અને રૈવતાચળ તીર્થની સુખદાયક યાત્રા કરીને હું અહીં રહેલા શ્રીજિનેશ્વરને નમવા માટે આવ્યો છું. " આ પ્રમાણે તે વિદ્યાધરનું વચન સાંભળીને તે રાજાને તીર્થનું સ્મરણ થયું. તેણે વિચાર કર્યો કે–" મને ધિક્કાર છે કે તે ગિરીંદ્ર ઉપર જઇને મેં પ્રભુને નમન કર્યું નહીં. આ લોકમાં મૃત્યુ ( યમરાજ ) જેનો મિત્ર હોય, જે મૃત્યુને ઓળંગી આગળ ગયો હોય અને જેનું અમરપણું નિશ્ચિત થયેલું હોય તેવા પ્રાણી ભલે સુખેથી સુવે; પરંતુ જેમના મસ્તક ઉપર મૃત્યુની ઘંટા સદા નાદ કરી રહી હોય, છતાં પણ મોહપાશથી બંધાયેલો રહી જે આત્માના હિતને યાદ કરતો નથી તે ભૂલ કરે છે. ભયંકર મૃત્યુથી ગ્રસ્ત થયા છતાં અને વૃદ્ધ થયા છતાં પણ બુદ્ધિ વિનાનો મનુષ્ય આત્માને હિતકારક એવી લોકાંતરના ( પરલોકના ) સુખની અપેક્ષા ( ઈચ્છા ) સરખી પણ કરતો નથી. રોગોના જ એક મૂળરૂપ એવા આ શરીરને પામીને શાંત ચિત્તવાળા પ્રાણીઓ જ્યાં સુધી પોતાને નિરોગતા હોય ત્યાં સુધીમાં આત્મહિત કરી લે છે. જ્યાં સુધી જરા પ્રાપ્ત થઇ નથી અને જ્યાં સુધી ઇંદ્રિયોની સુંદરતા છે ત્યાં સુધીમાં બુદ્ધિમાન પુરૂષોએ આત્મહિતને માટે યત્ન કરવો જ જોઇએ. જ્યાંસુધી શરીરે આરોગ્યતા છે અને જ્યાંસુધી બુદ્ધિબળનો ઉદય છે ત્યાંસુધી પરોપકાર કરવામાં વિલંબ કરવો નહીં. પરોપકારમાં તત્પર થયેલા અને સંતોષરૂપી અમૃતનું પાન કરનારા સત્પુરૂષો આ ભયંકર સંસારસાગરને સુખેથી તરી શકાય તેવો કરે છે. દયામાર્ગને પામીને જેઓ લેશ પણ હિંસાને કરતા નથી, તેઓ બીજા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓનો પણ ઉદ્ધાર કરીને આ સંસારને તરી જાય છે અર્થાત્ મોક્ષને પામે છે. ભૂતલને વિષે મરણ પામતા પ્રાણીઓ દુષ્કર્મના પ્રભાવથી પોતાના હિતને જોઇ-જાણી શકતા નથી. નિરંતર જતા અને આવતા એવા દિવસો પુરૂષના આયુષ્યને હરણ કરીને વ્યતીત થાય છે, તે વાત દીન મનવાળા મૂઢ પુરૂષો જાણતા નથી." આ પ્રમાણે વિચાર કરીને તે ભીમસેન રાજા પોતાના લઘુબંધુને રાજ્ય આપી થોડો પરિવાર ગ્રહણ કરી સમૃદ્ધિ સહિત રૈવતગિરિ તરફ ચાલ્યો. અનુક્રમે ચાલતાં તેણે પ્રથમ શત્રુંજય મહાગિરિ ઉપર જઇ આદીશ્વર પ્રભુને નમી તેની ગંધપુષ્પાદિકવડે પૂજા કરી. પછી ત્યાં વિધિપૂર્વક મહોત્સવ કરી ત્યાંથી નીચે ઉતરી પ્રીતિપૂર્વક રૈવતગિરિ ઉપર ગયો. ત્યાં નેમિનાથ જિનેશ્વરની કર્પૂર, અગરૂ અને નંદનવનના પુષ્પોવડે પૂજા કરી. ત્યાં ધનવડે યાચકોને તૃપ્ત કરતો અને દાન, શીલ, તપ તથા ભાવ એ ચાર પ્રકારના ધર્મને આરાધતો તે રાજા ચાર વર્ષ રહ્યો. ત્યારપછી પ્રમાદરહિત તે રાજાએ જ્ઞાનચંદ્ર નામના મુનિની પાસે મોક્ષલક્ષ્મીને આપનારી દીક્ષા ભાવથી ગ્રહણ કરી.

તેમને જોઇને ઇંદ્ર કહે છે કે-તે જ આ ભીમસેન રાજા મુનીશ્વર થઇને અહીં જ રહીને સ્વર્ગ અને મોક્ષની સિદ્ધિને આપનાર તપસ્યા કરે છે. પૂર્વે મોટું પાપ કરનાર આ મુનિ આજથી આઠમે દિવસે આ જ પર્વત ઉપર કેવળજ્ઞાન પામી મોક્ષે જશે. હે દેવો! અમે પ્રથમ પવિત્ર અર્બુદ (આબુ) ગિરિ ઉપર ગયા હતા. ત્યાં જ્ઞાનચંદ્ર મુનિના મુખથી આ તીર્થનું માહાત્મ્ય સાંભળ્યું હતું. આ પ્રમાણે અપૂર્વ નમ્રતાપૂર્વક વચનની શ્રેણિને બોલતા ઇંદ્રે દેવોને કહ્યું કે-" આ પર્વતનો બીજો પણ અદ્ભુત મહિમા સાંભળો-જે મનુષ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાપાપી, દુષ્ટ અને કુષ્ટાદિક વ્યાધિથી પીડાયેલા હોય, તેઓ પણ રૈવતાચલને સેવવાથી સર્વ પ્રકારના સુખને પામે છે. જો આ તીર્થ ઉપર થોડું પણ દાન આપ્યું હોય તો તે અનુક્રમે વૃદ્ધિ પામીને મોક્ષસુખને આપનાર થાય છે. આ ગિરિ ઉપર દ્રવ્યનો અર્થી દ્રવ્યને પામે છે, સુખનો અર્થી સુખને પામે છે, રાજ્યનો અર્થી રાજ્યને પામે છે અને સ્વર્ગનો અર્થી સ્વર્ગને પામે છે. શ્રીનેમિનાથ જિનેશ્વર પોતે જ જે તીર્થનો આશ્રય કરીને રહ્યા છે, તે પાપને હરણ કરનાર તીર્થને કયો પુરૂષ ન સેવે ? " આ પ્રમાણે કહીને ઈંદ્ર સ્વર્ગલોકમાં સીધાવ્યા.

ભીમસેન રાજર્ષિ અનુક્રમે નિરતિચાર ચારિત્ર પાળી સર્વ કર્મ ખપાવી મોક્ષપદને પામ્યા. ઈતિ.

જ્યાંસુધી સૂર્ય–ચંદ્ર આ ભૂતલને તેજસ્વી કરે છે, જ્યાં સુધી આ પૃથ્વી મનુષ્યોના હર્ષ માટે નિરંતર સ્થિરતાને ધારણ કરે છે અને જ્યાંસુધી સમુદ્ર પોતાની મર્યાદામાં રહે છે, ત્યાંસુધી ભીમરાજાનું આ મનોહર ચરિત્ર ભવ્ય પ્રાણીઓને બોધ આપનાર થાઓ. વિદ્વાનોના સમૂહના મુગટ સમાન શ્રીધનેશ્વરસૂરિએ ઘણા રસને આપનારૂં શ્રીશત્રુંજયમાહાત્મ્ય રચ્યું છે, તેમાં ભીમસેન રાજાની કથા કહેલી છે. તેના અનુસારે શ્રીઅજિતસાગરસૂરિએ શ્રેષ્ઠ એવા મહાનસપુર ( મ્હેસાણા ) માં રહીને વિક્રમ સંવત ૧૯૮૫ના વર્ષને પહેલે દિવસે આ ચરિત્ર રચ્યું છે.

**ઇતિ શ્રી અજિતસાગરસૂરિએ રચેલી શ્રી ભીમસેન રાજાની કથા સમાપ્ત.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી સિદ્ધગિરિના આશ્રયથી ઉદ્ધાર પામેલા કંડૂરાજાની કથા.

પૂર્વે કંડૂ નામે ચંદ્રપુરીનો રાજા હતો. તે અનેક ખોટાં વ્યસનોમાં ગ્રસ્ત, મહાપાપી અને યમ જેવો ક્રૂર હતો. અનેક અન્યાયાચરણથી પ્રજાને પીડતાં તેને ક્ષય રોગ ઉત્પન્ન થયો, તેથી તેનો દેહ ક્ષીણ થવા માંડ્યો, એટલે તેને મિત્રની જેમ ધર્મનું સ્મરણ થયું. 'મૂઢબુદ્ધિવાળા જીવો જ્યાં સુધી સર્વ રીતે સુખી હોય છે ત્યાંસુધી ધર્મને કિંચિત્‌માત્ર સંભારતા પણ નથી; પરંતુ જયારે મૃત્યુનો ભય લાગે છે ત્યારે જ તેઓ ધર્મને યાદ કરે છે.'

એકદા તે કંડૂરાજા પોતે કરેલાં અન્યાયાચરણને સંભારતાં ખિન્નચિત્તે સભામાં બેઠો હતો, એવામાં કલ્પવૃક્ષના પત્ર ઉપર લખેલો એક દિવ્ય શ્લોક કોઈએ આકાશમાંથી મૂકેલો તેની પાસે આવી પડ્યો. તે શ્લોક તેના પુન્યશાળી પૂર્વજોના પુન્યથી વશ થયેલી તેની ગોત્રદેવી અંબિકાએ તેને જાગ્રત કરવા નાખેલો હતો. તેનો ભાવાર્થ એ હતો કે-"પૂર્વ ભવમાં કરેલા સુકૃતથી સઘળી સંપત્તિને પામ્યા છતાં જે મૂઢાત્મા આ ભવમાં ધર્મને જ વિસારી દે છે તે સ્વસ્વામીદ્રોહ કરનાર મહાપાતકીનું શ્રેય શી રીતે થઈ શકશે ?" ઉક્ત શ્લોકનો ભાવાર્થ મનમાં વિચારી પોતે કરેલાં અનેક અન્યાયાચરણને સંભારી બહુ ખેદ પામતો ચિંતાતુર થયેલો તે રાજા રાત્રિના વખતે એકલો રાજ્ય છોડી મરવાને માટે નિશ્ચય કરી ચાલી નીકળ્યો. જેવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે નગર બહાર નીકળ્યો કે તરતજ એક સુંદર ગાય તેના જોવામાં આવી. તે ગાય રાજાની સામે ધસી આવીને તેને પ્રહાર કરવા લાગી. તે જોઈ રાજાએ પણ રીસથી ખડ્ગ ઉગામીને તે ગાયના બે ટુકડા કરી નાખ્યા. તેમાંથી એક હાથમાં કાતી નચાવતી ભયંકર સ્ત્રી નીકળી. તે સ્ત્રીએ આક્રોશ કરી તેને યુદ્ધ કરવા કહ્યું, જેથી તે સ્ત્રીનાં ગર્વયુકત વચન સાંભળી જેવો તેની સામે ખડ્ગ ઉગામવા જાય છે તેવામાં તે સ્ત્રીની કાતી-વડે પોતાને વીંધાઈ ગયેલો અને રૂધિર ઝરતો જોઈ કંડૂ-રાજા બહુ જ ખેદ પામ્યો. એટલે તે સ્ત્રીએ તેને પુનઃ યુદ્ધ કરવા જણાવ્યું, તેથી તે શોકસાગરમાં ડૂબી ગયો છતો વિચા-રવા લાગ્યો કે–"અહો! દૈવ જ્યારે વિપરીત થયું ત્યારે હું એક સ્ત્રીથી પણ પરાભવ પામ્યો. અહો! હું મરવા માટે જ નીક-ળ્યો હતો તે ભૂલી જઇ મેં ગૌહત્યાનું મહાપાપ કર્યું. હવે મારી શી ગતિ થશે? હવે આપત્તિમાં આવી પડેલો હું શું કરૂં? અથવા દવ બળે ત્યારે કુવો ખોદવો શા કામનો?"

આવી રીતે તે શોકાગ્રસ્ત બની વિચાર કરતો હતો હતો તેવામાં તેને તે સુંદર યુવતી કે જે અંબિકા જ હતી, તેણે કહ્યું કે–'હે મૂઢ! હજી તારા ચિત્તમાં ધર્મબુદ્ધિ પ્રગટી નથી, ફક્ત તું દુઃખાવિષ્ટ થવાથી હમણાં ધર્મને સંભારે છે. જો કે મદાંધપણે તેં અનેક કુકૃત્યો કર્યાં છે, તો પણ હવે તું ધર્મનો આશ્રય લે; કારણ કે તેના જેવો કોઇ ઉપગારી નથી. છેવટે પણ જે તેનો આશ્રય લે છે તેને તે તારે છે. હું અંબિકા નામે તારી ગોત્રદેવી છું. તારી પરીક્ષા કરવા માટે મેં આ બધી પ્રવૃત્તિ કરી છે. હજુ તારામાં ધર્મની યોગ્યતા નથી, તેથી તું દેશાટન અને તીર્થાટન કર, ક્ષમાયુક્ત સર્વ દુઃખ સહન કર. પછી જ્યારે તારામાં યોગ્યતા જોઈશ ત્યારે ફરી પ્રગટ થઈ તને ઉચિત માર્ગ જરૂર બતાવીશ. એમ કહી દેવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંતર્ધાન થઈ ગઈ. કંડૂરાજા વિચારે છે કે-" હજુ મારૂ ભાગ્ય જાગતું છે કે મારી ગોત્રદેવીએ હિતબુદ્ધિથી મને દર્શન દીધું. હવે હું પ્રમાદરહિત થઈ એવો ઉદ્યમ કરૂં કે જેથી થોડા જ વખતમાં ધર્મને યોગ્ય થઈ આત્મહિત સાધી શકું." એમ વિચારી પ્રભાતે તે ત્યાંથી કોઇ દિશા તરફ ચાલી નીકળ્યો. પ્રસન્ન ચિત્ત થવાથી તે દુઃખ ભૂલી ગયો. પછી તે કોલ્લાકગિરિ ઉપર આવી રાત્રિવાસ રહ્યો. પાછલે પ્રહરે કોઇક વૈરી યક્ષે પ્રગટ થઇ ક્રોધયુક્ત વચનથી કહ્યું કે-" હે દુષ્ટ! તેં પૂર્વે મને મારી મ્હારી સ્ત્રીનું હરણ કર્યું હતું તે તને સાંભરે છે ? હવે તારૂં મરણ નજદીક આવ્યું છે, માટે તારા ઈષ્ટનું સ્મરણ કર." એમ કહી તેણે તેની બહુ રીતે કદર્થના કરી. છેવટે તેને કોઈ એક ગુફામાં જીવતો મૂકીને યક્ષ અંતર્ધાન થઈ ગયો. આ વખતે તે રાજા પોતે પૂર્વે કરેલાં અન્યાયાચરણને સંભારી સંભારી મનમાં ચિંતવે છે કે-" આ દુઃખ તો દુષ્કૃત્યનાં પ્રત્યક્ષ ફળરૂપ છે, પણ હું શું જાણું કે તેના કેવાં કટુ ફળ આગળ ભોગવવાં પડશે ? "

એવી રીતે પોતાનાં દુષ્કૃત્યોની નિંદા કરતો તે પાપના ક્ષય માટે અહીંતહીં ભમવા લાગ્યો. એવામાં તેની ગોત્રદેવી અંબિકા પ્રગટ થઈ બોલી કે-" હે વત્સ ! હવે જ્યાં ત્યાં ફરવાની તારે જરૂર નથી. ફક્ત શત્રુંજયગિરિનું જ તું સેવન કર. તેં પૂર્વે એવાં દુષ્કૃત્યો કર્યાં છે કે તે ગિરિરાજનું સેવન કરવાથી જ સર્વ પાપને ક્ષય થઈ શકશે, તે વગર તેનો ક્ષય થઇ શકશે નહિ." એવી રીતે ગોત્રદેવીએ કહેલાં હિતકારી વચનો સાંભળી અને તેનાં જ મુખે તે ગિરિરાજનો પ્રૌઢ મહિમા શ્રવણ કરી, અતિ ઉત્સાહપૂર્વક તે તીર્થરાજ તરફ ચાલી નીકળ્યો અને તેના દર્શન થાય ત્યાંસુધી તેણે ખાનપાનનો ત્યાગ કર્યો. અનુક્રમે ગિરિરાજનાં અને એક શાંત મુનિનાં તેને દર્શન થયાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિના સદુપદેશથી તેણે તેમની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર અંગીકાર કરી અનુક્રમે શ્રી તીર્થરાજને શુદ્ધ ભાવથી ભેટી, તીર્થાધિપતિ શ્રીઆદિનાથનાં વારંવાર અનિમેષ નેત્રે દર્શન કરી, તે મહાદુષ્કર તપ કરવા લાગ્યો; તેથી તેનાં સકલ કર્મ ક્ષીણ થઈ ગયાં અને શુદ્ધ ધ્યાન યોગે તે શિવરમણીનો ભોક્તા થયો. એવી રીતે એકનિષ્ઠાથી જે ભવ્યજનો શ્રીશત્રુંજય તીર્થનું તેમજ શ્રી આદીશ્વર પ્રભુનું સેવન કરશે તે પણ કંડૂ નરપતિની પેરે સર્વ દુઃખનો અંત કરી અનુક્રમે પરમપદ પામશે. જિતારીરાજા પણ એ તીર્થાધિરાજના સેવનથી સર્વ રીતે સુખી થયો. શાંતનુ રાજા પણ પોતાના પુત્રો સહિત શત્રુંજય તીર્થ તથા શ્રી શત્રુંજયી નદીનું સેવન કરી પોતાના દુઃખનો અંત કરી સુખ સમૃદ્ધિ પામ્યો. પૂર્વકર્મના યોગથી કોઢ રોગાવિષ્ટ થયેલો મહીપાલ કુમાર ફક્ત સૂર્યકુંડના જળના સ્પર્શમાત્રથી રોગમુક્ત થઈ કંચન જેવી કાયાવાળો થયો. એવી રીતે આ તીર્થપતિનાં સેવનથી કઈક જીવોનાં કલ્યાણ થયાં છે, થાય છે અને ભાવી કાળે પણ થશે.

જો કે એ ગિરિરાજ ઉપર કાળની અનંતતાથી અનંત કોટિ જીવો સિદ્ધિપદ પામ્યા છે, તો પણ વર્તમાન ચોવીશી વિગેરેમાં સિદ્ધિપદ વરેલા જીવોની અત્રે ટુંક નોંધ પ્રસંગોપાત આપવામાં આવે છે.

---

## અત્રે સિદ્ધ થયેલા મહાત્માઓની ટુંકી નોંધ.

| કોણ | કેટલી સંખ્યા સાથે. |
|---|---|
| શ્રી ઋષભદેવ પ્રભુના વંશજો | અસંખ્યાતા. |
| શ્રી પુંડરીક ગણધર | પાંચ ક્રોડ |
| દ્રાવિડ વારિખિલ્લ | દશ ક્રોડ |
| આદિત્યયશા ( ભરત મહારાજાના પુત્ર ) | એક લાખ |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | |
|---|---|
| સોમયશા ( બાહુબલિના વડા પુત્ર ) | તેર ક્રોડ |
| બાહુબલિના પુત્ર | એક હજાર ને આઠ |
| નમિ વિદ્યાધરની પુત્રી | ચર્ચા પ્રમુખ ચોસઠ |
| નમિ વિનમિ વિદ્યાધરો | બે ક્રોડ |
| સાગરમુનિ | એક ક્રોડ |
| ભરતમુનિ | પાંચ ક્રોડ |
| અજિતસેન | સત્તર ક્રોડ |
| અજિતનાથ પ્રભુના સાધુઓ | દશ હજાર |
| શ્રી સારમુનિ | એક ક્રોડ |
| શ્રી શાંતિનાથ પ્રભુ સાથે | ૧૫૨૫૫૭૭૭ મુનિઓ |
| રામ ભરત | ત્રણ ક્રોડ |
| પાંચ પાંડવો | વીશ ક્રોડ |
| વસુદેવની સ્ત્રીઓ | પાંત્રીશ હજાર |
| વૈદર્ભી | ચુમાળીશસે ( ૪૪૦૦ ) |
| નારદ ઋષિ | એકાણુ લાખ |
| શાંબ પ્રદ્યુમ્ન | સાડીઆઠ ક્રોડ |
| દમિતારિ મુનિ | ચૌદ હજાર |
| થાવચ્ચા પુત્ર | એક હજાર |
| શુક પરિવ્રાજક (શુકાચાર્ય) | એક હજાર |
| સેલગાચાર્ય | પાંચ સો |
| સુભદ્રમુનિ | સાત સો |
| કાલિકમુનિ | એક હજાર |
| કદંબ ગણધર ( ગત ચોવીશીમાં ) | એક ક્રોડ |
| સંપ્રતિ જિનના થાવચ્ચા ગણધર | એક હજાર |

આ સિવાય ઋષભસેનજિન પ્રમુખ અસંખ્યાતા તીર્થંકરો, દેવકીજીના છ પુત્રો, જાળી, મયાળી ને ઉવયાળી (જાદવપુત્રો), સુવ્રત શેઠ, મંડકમુનિ, સુકોસલમુનિ, તેમજ અયસત્તામુનિ વિગેરે સંખ્યારહિત મહાત્માઓ અત્ર સિદ્ધિપદ પામ્યા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# યાત્રાના પર્વ દિવસો.

| | |
|---|---|
| કારતક શુદ ૧૫ | શ્રી ઋષભદેવજીના પૌત્ર દ્રાવિડ ને વારિખિલ્લ દશક્રોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા. |
| માગશર શુદ ૧૧ | મૌન એકાદશી. |
| પોષ વદ ૧૩ | શ્રી ઋષભદેવજીની નિર્વાણ કલ્યાણકની તિથિ, મેરૂતેરસ. |
| મહા શુદ ૧૫ | શ્રી મરૂદેવી માતાના ચૈત્યની વર્ષગાંઠ. |
| ફાલ્ગુન શુદ ૮ | શ્રી ઋષભદેવજી એ જ તિથિએ પૂર્વનવાણું વાર સિદ્ધાચળે સમોસર્યા. |
| ફાલ્ગુન શુદ ૧૦ | નમિ વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિવર સાથે સિદ્ધિપદ પામ્યા. |
| ફાલ્ગુન શુદ ૧૩ | શ્રી કૃષ્ણના પુત્ર સામ્બ ને પ્રદ્યુમ્ન સાડીઆઠ ક્રોડ મુનિ સાથે ભાડવા ડુંગરે સિદ્ધિપદ પામ્યા ( છ ગાઉની પ્રદક્ષિણાનો દિવસ ). |
| ફાલ્ગુન શુદ ૧૫ | શ્રી પુંડરીકસ્વામીએ પાંચ ક્રોડ મુનિ સાથે સિદ્ધગિરિ પર અણસણ કર્યું. |
| ફાલ્ગુન વદ ૮ | શ્રી ઋષભદેવની જન્મકલ્યાણક તથા દીક્ષા કલ્યાણક તિથિ (વરસીતપની શરૂઆત) |
| ચૈત્ર શુદ ૧૫ | શ્રી પુંડરીક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા. |
| ચૈત્ર વદ ૧૪ | નમિવિદ્યાધરની ચર્ચા વિગેરે ૬૪ પુત્રીઓ સિદ્ધિપદ પામી ( ચર્ચગિરિ ) |
| વૈશાખ શુદ ૩ | વરસીતપનું પારણું કરવાનો દિવસ (અક્ષયત્રીજ) |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૈશાખ વદિ ૬ શ્રી આદીશ્વર ભગવાનની સંવત ૧૫૮૭ માં થયેલી પ્રતિષ્ઠાની વર્ષગાંઠ.
અષાડ શુદ ૧૪ ચોમાસી ચૌદશ. ( ચાલુ વર્ષની છેલ્લી યાત્રા )
શ્રાવણ શુદ ૧૫ પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા.

---

## અત્ર થયેલા ૧૬ મ્હોટા ઉદ્ધારોની ટુંક નોંધ.

૧ ભરત ચક્રવર્તીએ ( સપરિવાર ) શ્રીનાભ ગણધરની સાથે અહીં આવી કરાવ્યો.

૨ ભરત ચક્રવર્તીની આઠમી પાટે થયેલા દંડવીર્ય ભૂપાલે કરાવ્યો.

૩ સીમંધરસ્વામીનો ઉપદેશ સાંભળી ઇશાનેન્દ્રે કરાવ્યો.

૪ ચોથા દેવલોકના ઇન્દ્ર માહેન્દ્રે કરાવ્યો.

૫ પાંચમા દેવલોકના સ્વામી બ્રહ્મેન્દ્રે કરાવ્યો.

૬ ભુવનપતિના ઇન્દ્ર ચમરેન્દ્રે કરાવ્યો.

૭ અજિતનાથસ્વામીના બંધુ સગર ચક્રવર્તીએ કરાવ્યો.

૮ અભિનંદનસ્વામીના ઉપદેશથી વ્યંતરેન્દ્રે કરાવ્યો.

૯ ચંદ્રપ્રભુના શાસનમાં ચંદ્રશેખર મુનિના ઉપદેશથી તેમના પુત્ર ચંદ્રયશાએ કરાવ્યો.

૧૦ શ્રી શાંતિનાથજીના પુત્ર ચક્રાયુધે પ્રભુની દેશના સાંભળીને કરાવ્યો.

૧૧ શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં રામચંદ્રજીએ કરાવ્યો.

૧૨ શ્રી નેમિનાથજીના ઉપદેશથી પાંડવોએ દેવ સહાયથી કરાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૩ જાવડશાહ શેઠે વજ્રસ્વામીની સહાયથી સંવત્ ૧૦૮ માં કરાવ્યો.

૧૪ શ્રી કુમારપાળ રાજાના વખતમાં બાહડમંત્રીએ ૧૨૧૩ માં કરાવ્યો.

૧૫ સમરાશા ઓસવાળે સંવત્ ૧૩૭૧ માં કરાવ્યો.

૧૬ કરમાશા શેઠે સંવત્ ૧૫૮૭ માં કરાવ્યો.

આ મુખ્ય ઉદ્ધારોનીજ વાત છે. તે સિવાય શત્રુંજયકલ્પમાં કહ્યા મુજબ અત્ર અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય ચૈત્યો અને અસંખ્ય પ્રતિમાઓ કરાવવામાં આવેલ છે. એ બધો આ ઉત્તમ ગિરિરાજનો જ પ્રભાવ જાણવો.

---

## પ્રતિદિન જાપવડે સ્મરણ કરવા યોગ્ય આ તીર્થાધિરાજના અનેક ઉત્તમ નામોની યાદી.

૧ શત્રુંજય, ૨ બાહુબલિ, ૩ મરુદેવ, ૪ પુંડરીકગિરિ, ૫ રૈવતગિરિ, ૬ વિમલાચલ, ૭ સિદ્ધરાજ, ૮ ભગીરથ, ૯ સિદ્ધક્ષેત્ર, ૧૦ સહસ્રકમલ, ૧૧ મુક્તિનિલય, ૧૨ સિદ્ધાચલ, ૧૩ શતકૂટગિરિ, ૧૪ ઢંક, ૧૫ કોડીનિવાસ, ૧૬ કદંબગિરિ, ૧૭ લોહિત્ય, ૧૮ તાલધ્વજ, ૧૯ પુણ્યરાશિ, ૨૦ મહાબલ, ૨૧ દ્રઢશક્તિ, ૨૨ શતપત્ર, ૨૩ વિજયાનંદ, ૨૪ ભદ્રંકર, ૨૫ મહાપીઠ, ૨૬ સુરગિરિ, ૨૭ મહાગિરિ, ૨૮ મહાનંદ, ૨૯ કર્મસૂડણ, ૩૦ કૈલાસ, ૩૧ પુષ્પદંત, ૩૨ જયંત, ૩૩ આનંદ, ૩૪ શ્રીપદ, ૩૫ હસ્તગિરિ, ૩૬ શાશ્વતગિરિ, ૩૭ ભવ્યગિરિ, ૩૮ સિદ્ધશેખર, ૩૯ મહાશય, ૪૦ માલ્યવંત, ૪૧ પૃથ્વીપીઠ, ૪૨ દુઃખહર, ૪૩ મુક્તિરાજ, ૪૪ મણિકંત, ૪૫ મેરુમહીધર, ૪૬ કંચનગિરિ, ૪૭ આનંદઘર, ૪૮ પુણ્યકંદ, ૪૯ જયાનંદ, ૫૦ પાતાલમૂલ, ૫૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિભાસ, ૫૨ વિશાલ, ૫૩ જગતારણ, ૫૪ અકલંક, ૫૫ અકર્મક, ૫૬ મહાતીર્થ, ૫૭ હેમગિરિ, ૫૮ અનંતશક્તિ, ૫૯ પુરુષોત્તમ, ૬૦ પર્વતરાજા, ૬૧ જ્યોતિરૂપ, ૬૨ વિલાસભદ્ર, ૬૩ સુભદ્ર, ૬૪ અજરામર, ૬૫ ક્ષેમંકર, ૬૬ અમરકેતુ, ૬૭ ગુણકંદ, ૬૮ સહસ્રપત્ર, ૬૯ શિવંકર, ૭૦ કર્મક્ષય, ૭૧ તમોકંદ, ૭૨ રાજરાજેશ્વર, ૭૩ ભવતારણ, ૭૪ ગજચંદ્ર, ૭૫ મહોદય, ૭૬ સુરકાંત, ૭૭ અચળ, ૭૮ અભિનંદ, ૭૯ સુમતિ, ૮૦ શ્રેષ્ઠ, ૮૧ અભયકંદ, ૮૨ ઉજ્જવળગિરિ, ૮૩ મહાપદ્મ, ૮૪ વિશ્વાનંદ, ૮૫ વિજયભદ્ર, ૮૬ ઇન્દ્રપ્રકાશ, ૮૭ કપર્દીવાસ, ૮૮ મુક્તિનિકેતન, ૮૯ કેવળદાયક, ૯૦ ચર્ચગિરિ, ૯૧ અષ્ટોતરશતકૂટ, ૯૨ સૌંદર્ય, ૯૩ યશોધરા, ૯૪ પ્રીતિમંડન, ૯૫ કામુકકામ અથવા ‘ કામદાયી ’, ૯૬ સહજાનંદ, ૯૭ મહેન્દ્રધ્વજ, ૯૮ સર્વાર્થસિદ્ધ, ૯૯ પ્રિયંકર.

આ નામો સિવાય શ્રી શત્રુંજયમાહાત્મ્યમાં બ્રહ્મગિરિ, નાન્દિગિરિ, શ્રેયઃપદ, પ્રભોઃપદ, સર્વકામદ, ક્ષિતિમંડળમંડન, સહસ્રાખ્ય, તાપસગિરિ, સ્વર્ગગિરિ, ઉમાશંભુગિરિ, સ્વર્ણગિરિ, ઉદયગિરિ અને અર્બુદગિરિ વિગેરે નામો પણ આપેલાં જણાય છે. વળી ઉપલાં ૯૯ નામ ઉપરાંત બીજાં ૯ નામ સહિત તેનાં ૧૦૮ નામ પણ અન્યત્ર કહ્યાં છે. ૯૯-યાત્રા કરનારાઓ તેમાંના પ્રત્યેક નામની પ્રતિદિન એક એક નવકારવાળી ગણે અથવા ઉક્ત ૧૦૮ નામોનું એક સાથે સ્મરણ કરે.

સમાપ્ત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ઉક્ત તીર્થમાં આવેલ રાયણ વૃક્ષ અને શત્રુંજયા નદીનો મહિમા.

## રાજાદની (રાયણ વૃક્ષ) અને તેની નીચે રહેલાં પ્રભુનાં ચરણ.

આ રાયણનું વૃક્ષ શ્રી ઋષભદેવ ભગવાનની પાદુકાવડે પવિત્ર ગણાય છે. શ્રી ઋષભદેવ ભગવાન અનેક વખત આવી એ રાયણ નીચે સમવસર્યા છે, તેથી તે પવિત્ર તીર્થની પેરે વંદનિક છે. તેનાં પત્ર, ફળ તથા શાખા ઉપર દેવતાઓના વાસ હોવાથી પ્રમાદવડે તે તોડવાં કે છેદવાં નહિં. જ્યારે કોઇ સંઘપતિ પૂર્ણ ભક્તિભાવથી તેની પ્રદક્ષિણા દે છે ત્યારે જો તે રાયણ તેના ઉપર હર્ષથી દુધ વર્ષાવે છે તો તે ઉભય લોકમાં સુખી થાય છે. જો તેની શુદ્ધ દ્રવ્યથી આદર સહિત પૂજા કરવામાં આવે છે તો તેના અધિષ્ટાયક સ્વપ્નમાં આવી સર્વ શુભાશુભ કહી દે છે. વળી તેની આદરસહિત પૂજા કરવાથી ભૂત, વેતાળ, શાકિની, રાક્ષસ પ્રમુખનો વળગાડ હોય તે પણ જતો રહે છે અને બીજા વિકાર પણ થઇ શકતા નથી. એ ઉત્તમ વૃક્ષના પત્ર, પુષ્પ કે શાખાદિક સહેજે પડેલાં હોય તો તેને આદર સહિત લઇ આવી જીવની જેમ સાચવવાં. એનાં ન્હવણ જળનું સિંચન કરવાથી સર્વ વિઘ્નની શાંતિ થાય છે. એ પવિત્ર વૃક્ષને સાક્ષી રાખી જે પ્રભુ સાથે દોસ્તી બાંધે છે તે આ ભવમાં અત્યંત સુખ અનુભવી છેવટે પરમપદ પ્રાપ્ત કરે છે. એ રાયણવૃક્ષથી પશ્ચિમ દિશા તરફ એક દુર્લભ રસકુંપિકા છે. જે આસ્થા સહિત અઠ્ઠમ તપનું આરાધન કરે છે તેમાંનો કોઇક ભાગ્યવાન પુરુષ તેના પ્રભાવથી તે રસકુંપિકાનો રસ મેળવી શકે છે. તે રસના સ્પર્શમાત્રથી લોઢું સુવર્ણ થઇ જાય છે. એક રાયણજ જો પ્રસન્ન હોય તો બીજી શાની જરુર છે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## શત્રુંજયા નદી.

સૌરાષ્ટ્ર ( સોરઠ ) દેશમાં અનંત મહિમાથી પૂર્ણ અને અનંત સુકૃતનું સ્થાન એવું શત્રુંજય નામે મહાતીર્થ છે. તેનાં દર્શન, સ્પર્શન, શ્રવણ અને સ્તવનથી પણ પાપનો લોપ થઈ જાય છે. તે ક્ષણવારમાં પ્રાણીઓને સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ આપે છે. તેના જેવું ત્રણ લોકને પાવન કરનારૂં કોઈ પણ બીજું તીર્થ નથી. તે શત્રુંજય મહાતીર્થની દક્ષિણ બાજુએ પ્રભાવિક જળથી પૂર્ણ એક શત્રુંજયા નામની નદી છે. શત્રુંજય મહાતીર્થને સ્પર્શી રહેલી હોવાથી તે નદી મહા પવિત્ર છે અને ગંગા સિંધુનાં દિવ્ય જળથી પણ અધિક ફળદાતા છે. તેના જળવડે ( વિવેકથી ) સ્નાન કરનારનું સકળ પાપ ધોવાઇ જાય છે. શત્રુંજય મહાતીર્થની તે જાણે વેણી હોય તેવી શોભે છે. વળી તે ગંગા નદીની પેઠે પૂર્વ દિશા તરફ વહેનારી, અપૂર્વ સુકૃતનાં સ્થાનરૂપ, અનેક ઉત્તમ દ્રહોવડે પ્રભાવવાળી અને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરતી છતી શત્રુંજયા, જાન્હવી, પુંડરીકિણી, પાપંકષા, તીર્થભૂમિ અને હંસા એવાં અનેક નામથી પ્રખ્યાત છે. તેમાં કદંબગિરિ અને પુંડરિકગિરિ નામના શિખરની મધ્યમાં ‘ કમળ ’ નામનો એક મહા પ્રભાવિક દ્રહ છે. [illegible] ત્યાંની મૃત્તિકા ( માટી ) નો પિંડ કરી જો [illegible] ાવે તો ‘ રતાંધળાપણું ’ વિગેરે [illegible] ારો નાશ પામી જાય છે. વળી [illegible] પણ ભૂત–વેતાળાદિક સંબંધી [illegible]

Serving JinShasan
030864
gyanmandir@kobatirth.org